પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૩૦૫ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૦૮-૨૦૨૩ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# હવે વિક્રમ પ્રોપલ્શન મોડ્યુલથી અલગ થઈને ચંદ્રની યાત્રા પર એકલો નીકળ્યો; ઉતરાણ પર વિશ્વની નજર

નવીદિલ્હી,

ચંદ્રયાન-૩ બે ભાગમાં વહેંચાઈ ગયું છે અને તેની આગળની યાત્રા શરૂ કરી છે. વિક્રમ લેન્ડર પ્રોપલ્શન મોડ્યુલથી અલગ થઈ ગયું છે. હવે તે ઉતરાણ સુધી એકલા પ્રવાસ કરશે. એવું માનવામાં આવે છે કે તે ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર ઉતરશે. ઈસરોના વૈજ્ઞાનિક ટીવી વેંકટેશ્વરના જણાવ્યા અનુસાર, લેન્ડરની અંદર એક રોવર હાજર છે. અત્યાર સુધી લેન્ડર વિક્રમ રોવર વહન કરતા પ્રોપલ્શન મોડ્યુલ સાથે મુસાફરી કરી રહ્યો હતો. પરંતુ આજે (૧૭ઓગસ્ટ) તેઓ અલગ થઈ ગયા. સ્પેસ એજન્સી ઈસરોના આ પગલાથી બે બાબતો સ્પષ્ટ થઈ ગઈ છે. પ્રથમ એ છે કે મોડ્યુલના એન્જિન સિવાય, અન્ય વસ્તુઓ યોગ્ય રીતે કામ કરી રહી છે. બીજું, વિક્રમ લેન્ડર ૨૩ ઓગસ્ટે સાંજે ૫.૨૫ કલાકે ચંદ્રની છાતી પર ઉતરશે. તમને જણાવી દઈએ કે ઈસરો હાલમાં જે પણ પ્રક્રિયાઓ અપનાવી રહ્યું છે, તે ચંદ્રયાન-૨ના સમયે પણ અપનાવવામાં આવી હતી. તે પછી પણ, પ્રોપલ્શન મોડ્યુલથી અલગ થઈને, લેન્ડર ચંદ્ર પર ઉતરવા માટે આગળ વધ્યું. પરંતુ જ્યારે તે માત્ર ૨.૧ કિમી દૂર હતું ત્યારે સ્પીડ કંટ્રોલ નિષ્ફળ ગયો અને ક્રેશ લેન્ડિંગ થયું.

ઈસરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, 'લેન્ડર મોડ્યુલે કહ્યું, સફર માટે આભાર, મિત્ર. લેન્ડર મોડ્યુલને પ્રોપલ્શન મોડ્યુલથી સફળતાપૂર્વક અલગ કરવામાં આવ્યું છે. આવતીકાલે, લેન્ડર મોડ્યુલ ભારતીય સમયાનુસાર સાંજે ૪ વાગ્યાની આસપાસ ડીબુસ્ટિંગ (ધીમી પડવા)માંથી પસાર થઈને ચંદ્રની થોડી નીચલી ભ્રમણકક્ષામાં ઉતરે તેવી શક્યતા છે.

ચંદ્રયાન-૩ માટે સૌથી મહત્વપૂર્ણ સમય છેલ્લી ૧૫ મિનિટનો રહેશે. આ સમયગાળા દરમિયાન, મહત્તમ ધબકારા ઝડપી રહેશે. જ્યારે ચંદ્રયાન ચંદ્રની ૧૦૦ X૧૦૦ ની ભ્રમણકક્ષામાં હોય છે, ત્યારે લેન્ડર




પ્રોપલ્શન મોડ્યુલથી અલગ થઈ જાય છે. જ્યારે ચંદ્રયાન-૩ ચંદ્રથી ૩૦ કિમીના અંતરે હશે, ત્યારે આગળનું સ્ટેપ આવશે. ત્યારબાદ ચંદ્રની સપાટી પર ઉતરાણની પ્રક્રિયા શરૂ થશે.

ચંદ્રયાન-૩ ૧૪ જુલાઈએ લોન્ચ થયા બાદ ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું હતું. આ પછી, તે ૬, ૯ અને ૧૪ ઓગસ્ટના રોજ ચંદ્રની આગામી ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું અને તેની નજીક આવતું રહ્યું. જેમ જેમ મિશન આગળ વધતું ગયું તેમ,ઈસરોએ ચંદ્રયાન-૩ ની ભ્રમણકક્ષાને ધીમે ધીમે ઘટાડવાની અને તેને ચંદ્રના ધ્રુવ બિંદુઓ પર તૈનાત કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

અલગ થયા પછી, લેન્ડર મોડ્યુલ પ્રોપલ્શન મોડ્યુલને કહ્યું - 'થેંક્સ ફોર ધ રાઈડ મેટ'. ઈસરોએ જણાવ્યું કે લેન્ડર અને પ્રોપલ્શન મોડ્યુલને અલગ કર્યા પછી સાંજે ૪ વાગ્યે, લેન્ડરને ડીબુસ્ટિંગ દ્વારા થોડી નીચી ભ્રમણકક્ષામાં લાવવામાં આવશે. અત્યારે ચંદ્રયાન એક ગોળાકાર

## ચંદ્રયાન-૩ ૨૩ ઓગસ્ટે સાંજે ૫.૨૫ કલાકે ચંદ્ર પર ઉતરશે.

ભ્રમણકક્ષામાં આગળ વધી રહ્યું છે જેમાં ચંદ્રથી તેનું લઘુતમ અંતર ૧૫૩ કિમી અને મહત્તમ અંતર ૧૬૩ કિમી છે. ઈસરોના વૈજ્ઞાનિકોએ ૧૬ ઓગસ્ટના રોજ સવારે લગભગ ૮:૩૦ વાગ્યે થોડા સમય માટે યાનના થ્રસ્ટરને ફાયર કર્યુ હતુ. આ પછી ચંદ્રયાન લગભગ ૧૫૩ કિમી ૪ ૧૬૩ કિમીની ગોળાકાર ભ્રમણકક્ષામાં આવી ગયું હતું. અગાઉ તે ૧૫૦ કિમી એકસ ૧૭૭ કિમીની ઓર્બિટમાં હતું. ૨૨ દિવસની યાત્રા પછી, ચંદ્રયાન ૫ ઓગસ્ટના રોજ સાંજે ૭.૧૫ વાગ્યે ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચ્યું. પછી યાનને ચંદ્રની ગ્રેવિટીમાં કેપ્ચર કરી શકાય, જેથી તેની ગતિ ઓછી થઈ હતી. સ્પીડ ઓછી કરવા માટે ઈસરોના વૈજ્ઞાનિકોએ યાનનો ફેસ પલટાવીને ૧૮૩૫ સેકન્ડ એટલે કે લગભગ અડધા કલાક સુધી થ્રસ્ટર્સને ફાયર કર્યું. આ ફાયરિંગ સાંજે ૭.૧૨ વાગ્યે શરૂ થયુ હતું. જ્યારે ચંદ્રયાન પ્રથમ વખત ચંદ્રની કક્ષામાં પ્રવેશ્યું ત્યારે તેની ઓર્બિટ ૧૬૪ કિમી ટ ૧૮,૦૭૪ કિમી હતી. ઓર્બિટમાં પ્રવેશ કરતી વખતે, તેના ઓનબોર્ડ કેમેરાએ ચંદ્રની તસવીરો પણ કેદ કરી હતી. ઈસરોએ તેનો વીડિયો બનાવીને તેની વેબસાઈટ પર શેર કર્યો છે. આ તસવીરોમાં ચંદ્રના ખાડા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

ઈસરોએ એક વીડિયો બનાવ્યો હતો અને ચંદ્રયાન પર લગાવેલા કેમેરામાંથી લીધેલી તસવીરો શેર કરી હતી. આ તસવીરોમાં ચંદ્રના ખાડા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. મિશન વિશે માહિતી આપતા, ઈસરોએ એક્સ પોસ્ટમાં ચંદ્રયાન દ્વારા મોકલવામાં આવેલ સંદેશ લખ્યો હતો, 'હું ચંદ્રયાન-૩ છું... હું ચંદ્રનું ગુરુત્વાકર્ષણ અનુભવું છું.' ઈસરોએ એમ પણ કહ્યું હતું કે ચંદ્રયાન-૩ને સફળતાપૂર્વક ચંદ્રની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું છે. ચંદ્રયાનને ૨૩ ઓગસ્ટે લેન્ડિંગ કરતા પહેલાં કુલ ૪ વખત તેની ભ્રમણકક્ષા ઘટાડવી પડશે. તેમણે રવિવારે એકવાર ભ્રમણકક્ષા ઘટાડી છે.

ચંદ્રયાન-૩ની અત્યાર સુધીની સફર જોઈએ તો ૧૪ જુલાઈના રોજ ચંદ્રયાન-૩ને ૧૭૦ કિમી ટ ૩૬,૫૦૦ કિમીની ભ્રમણકક્ષામાં લોન્ચ કરવામાં આવ્યું હતું.૧૫ જુલાઈના રોજ પ્રથમ વખત ભ્રમણકક્ષા વધારીને ૪૧,૭૬૨ કિમી ટ ૧૭૩ કિમી કરવામાં આવી હતી.૧૭ જુલાઈના રોજ, ભ્રમણકક્ષા બીજી વખત વધારીને ૪૧,૬૦૩ કિમી ટ ૨૨૬ કિમી કરવામાં આવી હતી. ૧૮ જુલાઈના રોજ, ભ્રમણકક્ષા ત્રીજી વખત વધારીને ૫,૧૪૦૦ કિમી ટ ૨૨૮ કિમી કરવામાં આવી હતી. ૨૦ જુલાઈના રોજ, ભ્રમણકક્ષા ચોથી વખત વધારીને ૭૧,૩૫૧ ટ ૨૩૩ કિમી કરવામાં આવી હતી. ૨૫ જુલાઈના રોજ, ભ્રમણકક્ષા પાંચમી વખત વધારીને ૧.૨૭,૬૦૩ કિમી ટ ૨૩૬ કિમી કરવામાં આવી હતી. ચંદ્રએ ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટની વચ્ચે મધ્યરાત્રિએ પૃથ્વીની ભ્રમણકક્ષા છોડી દીધી હતી. ૫ ઓગસ્ટે ચંદ્રયાન-૩ એ ૧૬૪ કિમી ટ ૧૮૦૭૪ કિમીની ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ કર્યો હતો. ૬ ઓગસ્ટના રોજ, ચંદ્રયાનની ભ્રમણકક્ષા પ્રથમ વખત ૧૭૦ કિમી ટ ૪૩૧૩ કિમી સુધી ઘટાડી દેવામાં આવી હતી. ૯ ઓગસ્ટના રોજ, ચંદ્રયાનની ભ્રમણકક્ષા બીજી વખત ઘટાડીને ૧૭૪ કિમી ટ ૧૪૩૭ કિમી કરવામાં આવી હતી. ૧૪ ઓગસ્ટના રોજ, ચંદ્રયાનની ભ્રમણકક્ષા ત્રીજી વખત ૧૫૦ કિમી ટ ૧૭૭ કિમી સુધી ઘટાડી દેવામાં આવી હતી. ૧૬ ઓગસ્ટના રોજ, ચંદ્રયાન ૧૫૩ કિમી ૪ ૧૬૩ કિમીની નજીક-ગોળાકાર ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું.

# એક અઠવાડિયા સુધી શાળાના તમામ કર્મચારીઓ કાળા કપડા પહેરી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવશે

અમદાવાદ,

સંકલન સમિતિના અંદોલનને પગલે ૧૫ જેટલી વિવિધ માંગોને લઈ ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓ આજથી કાળા વસ્ત્રો પહેરી સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. વિધાનસભાની ચૂંટણી પહેલા માંગ સ્વીકારવામાં આવી હતી પરંતુ ઠરાવ કે પરિપત્ર ન થતા ફરી આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં એક અઠવાડિયા સુધી શાળાના તમામ કર્મચારીઓ કાળા કપડા પહેરી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવશે.

ગુજરાત વિધાનસભાની ગત ચૂંટણી પહેલા રાજ્યના જુદા જુદા વિભાગના કર્મચારીઓના રાજ્યવ્યાપી આંદોલન શરૂ થયા હતા.આ દરમિયાન સરકાર દ્વારા જુદા જુદા સંગઠનો સાથે બેઠક કરવામાં આવી હતી જેમાં કેટલીક માંગો સ્વીકારતા આંદોલનો સમેટાઈ ગયા હતા.તેવી જ રીતે ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓની પરિણામ આધારિત ગ્રાન્ટ કાપવાની નીતિ રદ કરવી, આચાર્યોને ઈજાફા આપવા, ૧/૪/૨૦૦૫ પહેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતની ૧૫ માંગને લઈ અનોલન કરાયું હતું.અંદોલનના પગલે તત્કાલીન શિક્ષણ મંત્રી સહિત કુલ પાંચ મંત્રીઓની કમિટી બનાવાઈ હતી. જેમાં કર્મચારીઓની વિવિધ માંગ સ્વીકારવામાં આવી હતી.

માંગ સ્વીકારતા ની સાથે જ આંદોલન સમેટાઈ ગયું હતું ..જોકે ચૂંટણી પૂર્ણ થઈ ગઈ નવી સરકાર રચાઈ ગઈ જો કે ત્યારબાદ જે માંગ સ્વીકારાય હતી તે અંગે આજ દિન સુધી કોઈ ઠરાવ કે પરિપત્ર કરવામાં આવ્યા નથી.તેથી રાજ્યની ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.પોતાની પડતર માંગણીઓને લઈ સંકલન સમિતિ દ્વારા આંદોલનનું એલાન કરવામાં આવ્યું હતું. અને વિવિધ પંદર જેટલી માંગોને લઈ ફરીથી આંદોલનનું બ્યુગલ ફૂંકવામાં આવ્યું હતું.અને ૧૭મી થી ૨૪મી ઓગસ્ટ સુધી શાળાના તમામ કર્મચારીઓ કાળા કપડા પહેરી વિરોધ નોંધાવશે.

બ્લેક સપ્તાહ તરીકેનો કાર્યક્રમ સમગ્ર ગુજરાતની ગ્રાન્ટેડ શાળાઓમાં જોવા મળશે જ્યાં સુધી ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓની માંગોને લઈ પરિપત્ર ના આપવામાં આવે ત્યાં સુધી વિવિધ પ્રકારના વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે.

# આપ-કોંગ્રેસનું ચિત્ર સ્પષ્ટ નહીં થાય તો આઠ રાજ્યોને અસર થઈ શકે છે

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા આપ કોંગ્રેસ ગઠબંધનને લઈને આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે વધેલા તણાવની અસર આ વર્ષે યોજાનારી ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પર પણ પડી શકે છે. બે રાજ્યો અનુક્રમે છત્તીસગઢ અને રાજસ્થાનમાં જ્યાં કોંગ્રેસ સત્તામાં છે, ત્યાં મધ્ય પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી સત્તામાં છે. આ ઉપરાંત દિલ્હી, ગુજરાત, હિમાચલ, હરિયાણા અને પંજાબમાં પણ લોકસભા ચૂંટણી દરમિયાન અસર થવાની સંભાવના છે. લોકસભા ચૂંટણીના દ્દષ્ટિકોણથી કુલ ૮ રાજ્યો પ્રભાવિત થઈ શકે છે, જેમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ, હરિયાણા, પંજાબ અને દિલ્હી મુખ્ય છે.

નોંધનીય છે કે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં યોજાયેલી બેઠક બાદ કોંગ્રેસ અને આપ નેતાઓના નિવેદનોને લઈને હોબાળો થયો હતો. જો કે કોંગ્રેસ દ્વારા હજુ સુધી ગઠબંધન અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી, પરંતુ નિવેદનોથી રાજકારણ ગરમાયું છે.

આ વર્ષના અંતમાં છત્તીસગઢ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી પ્રસ્તાવિત છે. મૂળભૂત રીતે આ ત્રણ રાજ્યોમાં લડાઈ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીની રહી છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં, આમ આદમી પાર્ટીએ સંગઠન સ્તરે પણ પોતાની હાજરી મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. જ્યારે પાર્ટીએ છત્તીસગઢ અને રાજસ્થાનમાં તેના નેતાઓને તૈનાત કર્યા છે, ત્યારે છેલ્લી મધ્યપ્રદેશમાં યોજાયેલી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં પાર્ટીએ કેટલીક બેઠકો જીતી છે.

રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે જો ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણી સુધી ગઠબંધન અંગે કોઈ અંતિમ નિર્ણય ન લેવાય અને બંને પક્ષો ઈન્ડિયા ગઠબંધનના બેનર હેઠળ સાથે રહે તો પણ બંને પક્ષોના નેતાઓના નિવેદનોની અસર થઈ શકે છે. આમ આદમી પાર્ટીએ ત્રણેય રાજ્યોમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. એટલું જ નહીં, પાર્ટીએ સંગઠનાત્મક નિમણૂંકો દ્વારા આ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે કે તે માત્ર નામ ખાતર ચૂંટણી નહીં લડે.

# ભારતના ૩૬% જિલ્લાઓમાં ઓછો વરસાદ ચોમાસું નોર્મલથી નીચેના ઝોનમાં સરકી ગયું

નવીદિલ્હી,

માત્ર ૧૫ દિવસમાં, દક્ષિણપશ્ચિમ ચોમાસું સામાન્યથી ઉપર ગયું છે, જે જુલાઈના અંતમાં લાંબા સમયગાળાની સરેરાશ કરતા ૫% વધારે છે. મંગળવારે, મોસમનો સંચિત વરસાદ ૫% નેગેટિવ એટલે કે એલપીએ ના ૧૪% ની સામાન્ય રેન્જથી નીચે ગયો છે. ઓગસ્ટના પ્રથમ ૧૫ દિવસમાં દેશભરમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશ કરતા ૩૫% નીચો રહ્યો છે, જો કે જુલાઈમાં સામાન્ય વરસાદ કરતાં ૧૩% વધુ વરસાદના પગલે ચોમાસું લગભગ આ સમયગાળા દરમિયાન નબળું રહ્યું હતું.

પૂર્વ ભારતના અને દક્ષિણમાં વરસાદની વધતી જતી અછતના કારણે, ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૨૦ ઓગસ્ટની આસપાસ વરસાદમાં વધારો થવાની ધારણા છે. ઓગસ્ટના બીજા ભાગમાં સારો વરસાદ થવો જોઈએ. અલ નીનો સાથે સીઝનના બીજા ભાગમાં એટલે કે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં વરસાદ માટે ચિંતાના વાદળો છે. યુ.એસ.ની રાષ્ટ્રીય હવામાન એજન્સીઓના નવીનતમ અપડેટ મુજબ, હવે સ્થિતિ પવનની પેટર્નમાં પ્રતિબિંબિત થાય છે. નિષ્ણાતો કહે છે કે આવી સ્થિતિ અલ નીનોને ભારત સહિત વિશ્વના અન્ય ભાગોના હવામાનને અસર કરવા સક્ષમ બનાવે છે.

ભારતના લગભગ ૩૬% જિલ્લાઓ ૭૧૭ માંથી ૨૩૬ માં મોસમની શઆતથી વરસાદની અછત નોંધાઈ હતી. બિહારમાં ૩૮ માંથી ૩૧ જિલ્લાઓ ખાધમાં હતા, કેરળના તમામ ૧૪ જિલ્લાઓ ખાધમાં હતા, ઝારખંડમાં ૨૪ જીલ્લાઓ માંથી ૨૧ અને યુપી ૭૫ માંથી પૂર્વ યુપીના ૪૬ જિલ્લાઓમાં વરસાદની ઉણપ છે. યારે ઈંખઉએ આ વર્ષે સામાન્ય ચોમાસાની આગાહી કરી છે. ઓગસ્ટ મહિના માટે, તેણે જણાવ્યું હતું કે એલપીએના ૯૦-૯૪% પર વરસાદ સામાન્યથી ઓછો રહેવાની ધારણા છે. જો કે, ઓગસ્ટમાં વધુ વધુ વરસાદ થાય તેવી શકયતા છે.

# પવિત્ર શ્રાવણ માસની શરૂઆત, ચકુડિયા મહાદેવ મંદિરમાં ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવા ભક્તો ઉમટ્યા

અમદાવાદ,

હિન્દૂ ધર્મમાં શ્રાવણ માસનું ખૂબ મહત્વનો હોય છે. શ્રાવણ માસની આજથી શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે ભક્તો શિવની ભક્તિ કરવા માટે વિવિધ શિવાલયોમાં ઉમટી પડયા હતાં જેના કારણે આજથી જ શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી છે. અમદાવાદ શહેરના વિવિધ શિવ મંદિર વહેલી સવારથી જ 'ઓમ નમઃ શિવાય' અને 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યા હતાં. અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આવેલા મોટા શિવ મંદિરોમાં ભક્તો દર્શન કરવા માટે ઉમટી રહ્યા છે. પૂર્વમાં રખિયાલમાં આવેલાં ચકુડિયા મહાદેવ મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી. ચકુડિયા મહાદેવ મંદિરમાં ૨૦ ફૂટ કરતા ઊંચું શિવલિંગ આવેલું છે, તેમજ ૧૨ જ્યોતિર્લિંગ પણ આવેલા છે. જેથી ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવા ભક્તો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. તો મંદિર સંચાલકો દ્વારા ભક્તોને હાલાકી ન પડે તે પ્રકારે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સાથે જ શ્રાવણ માસ દરમિયાન અલગ અલગ દિવસે વિશેષ પૂજા પણ રાખવામાં આવી છે. આ ઉપરાંત નિર્ણયનગર ખાતે આવેલ રામેશ્વર મહાદેવમાં પણ સવારથી જ શિવભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.શિવ ભક્તો પાણી,દુધનો અભિષેક કરતા જોવા મળ્યા હતાં રામેશ્વર મહાદેવના શિવલિંગને ફુલોથી સજાવવામાં આવ્યું હતું. કહેવાય છે કે શ્રાવણના સોમવારે ભગવાન શિવની પૂજા કરવામાં આવે તો આખા વર્ષનું ફળ ભક્તને મળે છે. સાથે જ શ્રાવણ માસમાં દાનનું પણ મહત્વ રહેલુ છે. શ્રાવણ માસમાં લોકો ઉપવાસ કરતા હોય છે. આજે વહેલી સવારથી જ ચકુડિયા મહાદેવ મંદિર પહોંચીને ભક્તોએ ભગવાન શિવની પૂજા કરી. વહેલી સવારથી જ મંદિરમાં ભગવાનના શિવના દર્શન કરવા માટે ભક્તોની કતારો જોવા મળી હતી. સાથે જ ભક્તો દ્વારા મંદિરમાં શિવલિંગને દુગ્ધાભિષેક અને જળાભિષેક કરવામાં આવ્યો. સાથે જ બિલ્વ પત્ર પણ ચઢાવીને પૂજા કરવામાં આવી હતી.

# મુકુલ વાસનિકને ગુજરાતના પ્રભારી મહાસચિવ નિયુક્ત કરાયા

અમદાવાદ,

આગામી ૨૦૨૪ ની ચૂંટણીને લઈને કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ તરીકે શક્તિસિંહ ગોહિલની નિમણૂંક કરવામાં આવી છે. આજે કોંગ્રેસ દ્વારા ગુજરાતનાં કોંગ્રેસનાં પ્રભારી તરીકે મુકુલ વાસનિકને કમાન સોંપવામાં આવી છે. લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ દ્વારા મુકુલ વાસનિકને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. લોકસભાની ચૂંટણીને લઈ રાજ્યસભાનાં સાંસદ મુકુલ વાસનિકને ગુજરાતના પ્રભારી મહાસચિવ નિયુક્ત કરાઈ મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાતના કોંગ્રેસના પ્રભારી તરીકે ના પદ પર રહેલા રઘુ શર્માના રાજીનામા પછી આ પદ ખાલી હતી. આ પદ ખાલી રહેતા અહીં લાંબા સમયથી નિયુક્તિની વાતો વહેતી થઈ રહી હતી. જોકે તમામ ચર્ચાઓ અને વાતો વચ્ચે આજે ગુજરાત કોંગ્રેસને નવા પ્રભારી મળ્યા છે. કોંગ્રેસે ગુરુવારે (૧૭ ઓગસ્ટ) પાર્ટી સંગઠનમાં મોટો ફેરફાર કર્યો છે. પાર્ટીએ રણદીપ સુરજેવાલાને મધ્યપ્રદેશના સિનિયર ઓબ્ઝર્વર બનાવ્યા બાદ હવે રાજ્યના પ્રભારી મહાસચિવનો વધારાનો હવાલો આપ્યો છે. તો બીજી તરફ મુકુલ વાસનિકને ગુજરાતના પ્રભારી મહાસચિવના પદની જવાબદારી સોંપવામાં આવી છે. આ સિવાય બ્રિજલાલ ખાબરીના સ્થાને અજય રાયને ઉત્તર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સિવાય બ્રિજલાલ ખબરીના સ્થાને અજય રાયને ઉત્તર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સુરજેવાલાને વરિષ્ઠ નેતા જેપી અગ્રવાલના સ્થાને મધ્યપ્રદેશના પ્રભારી મહાસચિવની જવાબદારી સોંપવામાં આવી હતી, જ્યારે વાસનિકને રાજસ્થાન કોંગ્રેસના નેતા રઘુ શર્માની જગ્યાએ જનરલ સેક્રેટરી પ્રભારી બનાવવામાં આવ્યા હતા.

# દમણ-પોરબંદર કોસ્ટગાર્ડનું મધદરિયે દિલધડક રેસ્ક્યૂ, ચાઈનીઝ જહાજે માંગી હતી મદદ



વલસાડ,

ભારતીય સીમાથી ૨૦૦ કિલોમીટર દૂર મધદરિયે એક ચાઈનીઝ જહાજની મદદે ભારતીય કોસ્ટકાર્ડના જવાનો પહોંચ્યા હતા. ચાઈનીઝ જહાજના એક ક્રૂ મેમ્બરને અડધી રાત્રે હાર્ટ અટેક આવતા મેડિકલ ઈમરજન્સીની જરૂર જણાઇ હતી. આથી ચાઈનીઝ જહાજે ભારતીય કોસ્ટ ગાર્ડની મદદ માંગી હતી. ત્યાર બાદ અડધી રાત્રે દમણ અને પોરબંદરના કોસ્ટ ગાર્ડના જવાનોએ દરિયામાં ૨૦૦ કિલોમીટર દૂર રાતના અંધકારમાં જઈ અને દિલધડક રેસ્ક્યુ ઓપરેશન કર્યું હતું. આ સમગ્ર ઓપરેશનમાં મેડિકલ ટીમને એક મહિલા અધિકારીએ લીડ કરી હતી. આમ ઈમરજન્સીના સમયે ચાઈનીઝ જહાજની મદદે ભારતીય કોસ્ટગાર્ડના જવાનો એ પહોંચી અને એક ચાઈનીઝ ક્રુ મેમ્બરનો જીવ બચાવ્યો હતો. બનાવની વિગત મુજબ ભારતીય સીમાથી ૨૦૦ કિલોમીટર દૂર મધદરિયે ચીનથી યુએઈ જઈ રહેલા એક ચાઈનીઝ રિસર્ચ જહાજમાં સવાર એક ક્રૂ મેમ્બરને હાર્ટ એટેક આવ્યો હતો. જોકે, હાર્ટ એટેકની સારવારની જરૂરી સુવિધા ચાઈનીઝ જાહાજમાં નહીં હોવાથી તાત્કાલિક ચાઈનીઝ જહાજે ભારતીય કોસ્ટ ગાર્ડની મદદ માગી હતી. પ્રથમ મુંબઈ કોસ્ટગાર્ડને તેનો સંદેશો મળતા જ તાત્કાલિક પોરબંદર અને દમણના કોસ્ટગાર્ડને એલર્ટ કરવામાં આવ્યા હતા. આથી અડધી રાત્રે દમણ અને પોરબંદરના જવાનોએ ભારતીય બનાવટના ધ્રુવ હેલિકોપ્ટર દ્વારા ૨૦૦ કિલોમીટર દૂર દરિયામાં પહોંચ્યા હતા. જોકે અડધી રાત્રે રાતના અંધકારમાં ચાઈનાના જહાજ પર હેલિકોપ્ટર લેન્ડ થઈ શકે તેવી પરિસ્થિતિ ન હોવાથી ભારતીય જવાનોએ ચાઈનીઝ મેમ્બરને એરલિફ્ટ કર્યા હતા. ત્યારબાદ તેમને હેલિકોપ્ટરમાં જ પ્રાથમિક સારવાર આપી હતી. ત્યાંથી દમણ કોસ્ટગાર્ડ એર સ્ટેશન લાવી અને તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. આમ ચાઈનીઝ જહાજને ઈમરજન્સીના સમયે મદદ કરતા ચાઈનીઝ ક્રુ મેમ્બરનો જીવ બચ્યો હતો. ભારતીય કોસ્ટગાર્ડના જવાનોએ દરિયામાં રાતમાં અંધકારમાં કરેલા આ દિલ ધડક રેસ્ક્યુ ઓપરેશન અંગે દમણ કોસગાર્ડના કમાન્ડિંગ ઓફિસર એસ વાજપાઈએ મીડિયાને માહિતગાર કર્યા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડના જવાનોના પરાક્રમને બિરદાવ્યું હતું.

# હિમાચલમાં ભારે તબાહી, અત્યાર સુધી ૭૧ લોકોના મોત, ૧૦ હજાર કરોડનું નુકસાન, ૮૦૦ રસ્તાઓ બંધ

શિમલા,

હિમાચલ પ્રદેશમાં વરસાદને કારણે છેલ્લા ત્રણ દિવસમાં અત્યાર સુધીમાં ૭૧ લોકોના મોત થયા છે, જ્યારે ૧૩ લોકો હજુ પણ લાપતા છે. મુખ્યમંત્રી સુખવિન્દર સિંહ સુખુએ કહ્યું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પુનઃનિર્માણ એ પર્વત જેવો પડકાર છે. રિપોર્ટ્સ અનુસાર શિમલામાં સમર હિલ પાસે શિવ મંદિરના કાટમાળમાંથી અન્ય એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે, જેની સાથે વરસાદ સંબંધિત ઘટનાઓમાં જીવ ગુમાવનારા ૫૭ લોકોના મૃતદેહ અત્યાર સુધીમાં મળી આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂસ્ખલન અને પૂરના કારણે ધરાશાયી થયેલી ઈમારતોના કાટમાળમાંથી વધુ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા બાદ મૃત્યુઆંક વધી ગયો હતો. રવિવારથી રાજ્યમાં ભારે વરસાદને કારણે શિમલાના સમર હિલ, કૃષ્ણા નગર અને ફાગલી વિસ્તારોમાં ભૂસ્ખલન થયું છે. મુખ્ય સચિવ (મહેસૂલ) ઓંકારચંદ શર્માએ જણાવ્યું કે છેલ્લા ત્રણ દિવસમાં ૭૧ લોકોના મોત થયા છે અને ૧૩ હજુ પણ લાપતા છે. તે જ સમયે, રવિવાર રાતથી અત્યાર સુધીમાં ૫૭ મૃતદેહો મળી આવ્યા છે. તે જ સમયે, સીએમ સુખુએ કહ્યું કે હિમાચલમાં ભારે વરસાદને કારણે નાશ પામેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવામાં એક વર્ષ લાગશે. તેમણે દાવો કર્યો હતો કે લગભગ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સીએમએ કહ્યું કે આ એક મોટો પડકાર છે. શિમલાના ડેપ્યુટી કમિશનર આદિત્ય નેગીએ કહ્યું કે સમર હિલ અને કૃષ્ણા નગર વિસ્તારમાં બચાવ કામગીરી ચાલી રહી છે અને અહીંથી એક શબ પણ મળી આવ્યો છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં સમર હિલમાંથી ૧૩, ફાગલીમાંથી પાંચ અને કૃષ્ણા નગરમાંથી બે મૃતદેહ મળી આવ્યા છે. સોમવારે શિવ મંદિરમાં થયેલા ભૂસ્ખલનના કાટમાળ નીચે હજુ વધુ ૧૦ લોકો દટાયા હોવાની આશંકા છે. તે જ સમયે, કૃષ્ણા નગરમાં લગભગ ૧૫ ઘરોને ખાલી કરાવવામાં આવ્યા હતા અને પરિવારોને સુરક્ષિત સ્થાનો પર લઈ જવામાં આવ્યા હતા. મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલનના ભયથી અન્ય ઘણા લોકોએ તેમના ઘરો ખાલી કર્યા છે. આ સાથે શિક્ષણ વિભાગે બુધવારે ખરાબ હવામાનને કારણે રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો આદેશ આપ્યો હતો. બીજી તરફ, હિમાચલ યુનિવર્સિટીએ ૧૯ ઓગસ્ટ સુધી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સ્થગિત કરી દીધી છે. મળતી માહિતી અનુસાર અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યમાં લગભગ ૮૦૦ રસ્તાઓ બ્લોક છે અને ૨૪ જૂનથી ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૭,૨૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. અગાઉ, જુલાઈમાં, મંડી, કુલ્લુ અને શિમલા સહિત રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેમાં ઘણા લોકો માર્યા ગયા હતા અને કરોડો રૂપિયાની સંપત્તિનો નાશ થયો હતો. નાયબ મુખ્ય પ્રધાન મુકેશ અગ્નિહોત્રીએ કેન્દ્રને હિમાચલ પ્રદેશમાં રાષ્ટ્રીય આફત જાહેર કરવા અને ક્ષતિગ્રસ્ત માળખાના રાહત અને સમારકામ માટે રૂ. ૨,૦૦૦ કરોડનું ભંડોળ મુક્ત કરવા વિનંતી કરી છે.

# સાયબર ફ્રોડના કેસમાં ચાર ગણો વધારો, રાજકોટમાં સાત મહિનામાં ૧૬ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ

રાજકોટ,

આપના મોબાઈલમાં આવતા અજાણ્યા નંબરના ફોન કોલ્સ ઉપાડતા પહેલા સાવચેત થઈ જજો. સાયબર ફ્રોડ કરનારાએ આ ફોન કોલ્સથી તમને છેતરી શકે છે. ગુજરાતમાં કોઇ એવી વ્યક્તિ નહિ હોય જેના મોબાઈલ ફોનમાં ફેક કોલ નહિ આવતા હોય, કોઈ સ્કિમના બ્હાને, કોઈ લોનના બ્હાને, કોઈ લાલચ આપીને તો ક્યારેક મદદના બ્હાને આપને ફોન આવે છે. અને તમને જાણ પણ ન હોય તે રીતે આપનું બેંક એકાઉન્ટ ખાલી કરી નાખે છે. રાજકોટ શહેરની વાત કરીએ તો દરરોજ ૮૦ જેટલી અરજીઓ સાયબર ફ્રોડમાં આવે છે. ગત વર્ષે ૩૫૦૦ જેટલી ફરિયાદ સાયબર ક્રાઈમમાં નોંધાઈ હતી. જેમાં ૧૪.૫૦ કરોડની છેતરપિંડી થઈ હતી. આ વર્ષે અત્યાર સુધીમાં ૨૯૦૦ ફરિયાદ નોંધાઈ છે જેનો આંકડો ૧૬.૫૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ આંકડા પરથી આપ સમજી શકો છો કે સાયબર ફ્રોડ કરનારાઓની જાળ કેટલે સુધી ફેલાયેલી છે અને તેઓ દરરોજ કેટલા રૂપિયાની ગોલમાલ કરે છે. આ આંકડાઓ માત્ર રાજકોટ શહેરના છે જ્યારે આ પરથી ગુજાતની સ્થિતિ સમજી શકાય છે. રાજકોટમાં સાત મહિનામાં સાડા સોડ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ છે. પોલીસના કહેવા પ્રમાણે આ છેતરપિંડીમાં રિકવરી આંક ૧૫ થી ૨૦ ટકા છે. એ પણ એવા કિસ્સાઓ કે જેમાં ફરિયાદીએ તાત્કાલિક અસરથી પોલીસને જાણ કરી હોય અને છેતરપિંડીના રૂપિયા કોઈપણ બેંકમાં હોય જેના કારણે ટ્રાન્ઝેકશન અટકાવી શકાય છે. અને આ રૂપિયા પરત મેળવી શકાય છે. જો કે આ એક દેશવ્યાપી મોટું નેટવર્ક છે. સાયબર ક્રાઈમના એસીપી વિશાલ રબારીના કહેવા પ્રમાણે માત્ર ગુજરાત જ નહિ પરંતુ આખા દેશમાં સાયબર ફ્રોડ કરનારાઓની જાળ ફેલાયેલી છે. દેશના ઝારખંડાના ઝમતારા, દેવડા, બિહાર, દિલ્લી એનસીઆર, પશ્ચિમ બંગાળમાં સાયબર ક્રાઈમની ટોળકીઓ સક્રિય છે જે દેશભરમાં ઓનલાઈન છેતરપિંડી આચરે છે.પોલીસના કહેવા પ્રમાણે જ્યારે છેતરપિંડીની તપાસમાં બહારના રાજ્યનું પગેરૂં મળે તો ત્યાં આ ટોળકીને પકડવી લગભગ અશક્ય છે જેના કેટલાક કારણો છે.

૧.નકલી દસ્તાવેજોનો ઉપયોગ આ ટોળકી દ્વારા જે પણ મોબાઈલ કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે તેમાં નકલી દસ્તાવેજો રજૂ કર્યા હોય છે જેથી તેનું પરફેક્ટ લોકેશન જાણી શકાતું નથી, ૨.બેંક એકાઉન્ટમાં ખોટી માહિતી ૩.સ્થાનિક પોલીસનો અસહયોગ જો ક્યારેક પોલીસને કોઈ સચોટ માહિતી મળે અને તે માહિતીના આધારે બીજા રાજ્યમાં તપાસ માટે ટીમ જાય તો સ્થાનિક પોલીસનો સહયોગ મળતો નથી અને પરીણામે બહારના રાજ્યની પોલીસ હોવાથી પોલીસ પર હુમલાના પ્રયાસો થાય છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકા પંચાયત કચેરી ખાતે શિક્ષણમંત્રીની ઉપસ્થિતીમાં શહિદ વીર જવાનોને નમન વંદન કર્યા



સંતરામપુર,

સંતરામપુર તાલુકા પંચાયત કચેરી મુકામે દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા "મેરી મિટ્ટી મેરા દેશ" અભિયાન અંતર્ગત સમગ્ર દેશના વીરોને વંદન કરવાનું આહવાન કર્યુ છે. ત્યારે કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર એ આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી દેશ માટે શહીદ થયેલ વીર જવાનોના પરિવારોજનોને નમન વંદન કર્યા તેમજ સાલ ઓઢાડી સન્માન કર્યું. સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન પટેલીયા, તાલુકા વિકાસ અધિકારી ભરવાડ, મામલતદાર સંગાડા, જીલ્લા ઉપાધ્યક્ષ શાંતિલાલ પટેલ, ગાયત્રી પરિવારના રામજીભાઈ ગરાસિયા, તાલુકા પંચાયત ન્યાય સિમિતના ચેરમેન હરીશભાઈ વળવાઈ, યુવા નેતા સચિન ભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો, શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. મેરી મિટ્ટી મેરા દેશ તાલુકા કક્ષાનો કાર્યક્રમ રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીના વરદ હસ્તે આ કાર્યક્રમ યોજવામાં આવેલો હતો. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાઓ વિશે પણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલું હતું. સંતરામપુર તાલુકાન તલાટી કર્મચારી હાજર રહ્યા હતા.

# બાલાસિનોરમાં આવેલી નાગરિક બેંકના કર્મચારીઓની મનમાની સામે આવી



બાલાસીનોર,

બાલાસિનોર નગર વિસ્તારમાં આવેલી નાગરિક કો.ઓપરેટિવ બેન્કમાં લોકરની સુવિધા પેટે વર્ષે હજારો રૂપિયા ચાર્જ લેવા છતાં સમયસર સુવિધાઓનો અભાવ જોવા મળતા ખાતેદારોમાં રોષ ભભુકી ઉઠયો છે. મળતી વિગતો અનુસાર બાલાસિનો નગર વિસ્તારમાં સ્થિત નાગરિક કો.ઓપરેટીવ બેંકમાં લોકરની સુવિધાઓ ઉપલબ્ધ છે. ત્યારે તાલુકાના તથા નગરના વિવિધ ખાતેદારો પોતાની પુંજી આ લોકરમાં સુરક્ષિત રહે તે માટે મૂકે છે. ત્યારે તાત્કાલિક જરૂર હોય તેવા સંજોગોમાં અહીં લોકર ઓપરેટરો પોતાનું લોકર ઓપરેટ કરવા માટે આવતા હોય છે. આવા સંજોગોમાં બેંકના કર્મચારીઓ ખાતેદાર સાથે વિવિધ પ્રકારના નિયમ ના લાગતા હોય તેવા નિયમ બતાવી હેરાન પરેશાન કરી મૂક્યા છે. ત્યારે આવા બેંક કર્મચારીઓ સામે તાત્કાલિક અસરથી બદલી કરી ખાતેદારોના હિતમાં અન્ય સુમેળ કર્મચારીની નિમણૂંક કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# સંતરામપુર થી સાંગાવાડા સુધીનો ત્રણ મહિના પહેલા બનેલ રસ્તો પહેલા વરસાદમાં ધોવાયો



સંતરામપુર,

સંતરામપુર થી સાંગાવાડા સુધીના રસ્તાની કામગીરી ચોમાસાની સીજન પહેલા બનાવવામાં આવ્યો હતો. પરંતુ રસ્તાના કામમાં હલ્કી ગુણવતાના મટીરીયલ્સનો ઉપયોગ કરાયો હોવાથી ચોમાસાના પહેલા વરસાદમાં રસ્તો ધોવાતા કોન્ટ્રાકટર અને તંત્ર સામે અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

સંતરામપુર થી સાંગાવાડા સુધીના રસ્તાની કામગીરી સ્ટેટ આર એન્ડ બી દ્વારા ત્રણ મહિના પહેલા વરસાદમાં રસ્તો બનાવવામાં આચરેલ ગેરરીતિ સામે આવી છે. પહેલા વરસાદમાં હલ્કી ગુણવતાનું મટીરીયલ્સનો ઉપયોગ કરેલ હોવાથી પ્રતાપપુરા વળાંક પાસેનો રોડ બેસી ગયા છે. જેને લઈ રોડ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો ભારે હાલાકી વેઠવી પડે છે. ત્રણ મહિના પહેલા લાખો રૂપીયાના ખર્ચે લોકોની સુવિધા માટે બનેલ રોડ ધોવાઈ જતાં રોડ ઉપર ખાડાની પોલને છાવરવા માટે કાકરા ભરીને પુરવામાં આવ્યા છે. સંતરામપુર આર એન્ડ બી સ્ટેટ વિભાગના કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવત્તાની કામગીરીને લઈ તપાસ કરી કાર્યવાહી થાય તે જરૂરી છે.

# WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટનો પ્રારંભ કરાવતા CM ભુપેન્દ્રભાઈ પટેલ



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડબ્લ્યુએચઓ ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટના પ્રારંભ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાનો ઉપનિષદ ભાવ ગ્લોબલ સમિટના હેલ્થ એન્ડ વેલબીઈંગ ફોર ઓલના ભાવ સાથે સુસંગત અને ઉપયુક્ત છે.

ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટનો પ્રારંભ ગાંધીનગરમાં ડબ્લ્યુએચઓના વડા ડૉ.ટેડ્રોસ અધનોમ ગેબ્રિયેસસ, દેશના આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા, કેન્દ્રીય આયુષ મંત્રી સર્વાનંદ સોનોવાલ, કેંદ્રીય આયુષ રાજ્ય મંત્રી ડૉ.મહેન્દ્ર મુંજપરા, ભુટાનના આરોગ્યમંત્રી કુ.લ્યોંપો દશો દેચેન વાંગ્મો, ગુજરાતના આરોગ્ય મંત્રીઋષિકેશભાઈ પટેલ, WHOના રિજનલ ડિરેક્ટર્સ ડૉ.પુનમ ખેત્રપાલ, ડૉ.વિવિઆન તાતિઆના અને ડૉ.હંસ ક્લુગેની ઉપસ્થિતિમાં થયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિશ્વને એક પરિવાર માનીને 'વસુધૈવ કુટુંબકમ' વિચારધારા વિશ્વને આપી છે. એટલું જ નહીં, આ સંસ્કૃતિ હંમેશા સમગ્ર માનવ જાતિના કલ્યાણ અને સારા સ્વાસ્થ્યની પણ કામના કરે છે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સંપૂર્ણ માનવ જાતના સારા સ્વાસ્થ્ય માટે ભારતીય ચિકિત્સા પદ્ધતિઓ અને આયુર્વેદ જ્ઞાનની સમૃદ્ધ વિરાસત દેશ અને દુનિયા સમક્ષ ઉજાગર કરી છે.તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રી વિશ્વની પીડા ઓછી કરવા માટે પ્રતિબદ્ધ છે અને ૨૧મી સદીના ભારતના અનુભવો તથા જ્ઞાન વિશ્વ સાથે શેર કરીને આગળ વધવામાં વિશ્વાસ રાખે છે.જ્યારે વિશ્વ આખું કોરોના મહામારીના ભયના ઓથારમાં હતું ત્યારે વડાપ્રધાનશ્રીએ આયુષ-આયુર્વેદ સેક્ટરને વિકસિત કરીને આયુર્વેદીક ઉકાળા, દવાઓ અને અન્ય ઉત્પાદનોથી લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મોટું પ્રદાન કરેલું છે એમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોના પછી દુનિયાભરમાં આયુર્વેદ દવાઓ અને ઉત્પાદનોની માંગ વધી ગઈ છે અને પારંપરિક ચિકિત્સાની સદીઓ જૂની ભારતીય પદ્ધતિઓ આજે આરોગ્ય રક્ષા ક્ષેત્રે રાહબર બની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં ડબ્લ્યુએચઓના ટ્રેડિશનલ મેડિસિન માટેના ગ્લોબલ સેન્ટરની સ્થાપના માટે જામનગરને પસંદ કરવામાં આવ્યું છે, તેમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ હતું.

ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ આઈટીઆરએ જામનગરમાં કાર્યરત થતાં ગુજરાતનું ગૌરવ વધ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વ સ્તરીય હેલ્થ કેર સંસ્થાના રૂપમાં અગ્રેસર આ આઈટીઆરએમાં ૧૪ વિભાગો અને એનએબીએલ માન્યતા પ્રાપ્ત છ પ્રયોગશાળાઓ કાર્યરત છે. વડાપ્રધાનશ્રીએ આયુર્વેદ ચિકિત્સા અને ઉત્પાદનોને જે મહત્વ આપ્યું છે તેના પરિણામે આયુષ મંત્રાલય દર વર્ષે ધનવંતરિ જયંતિને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવે છે તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.તેમણે આયુષ ક્ષેત્રમાં ઈન્વેસ્ટમેન્ટ અને ઈનોવેશન્સની અસિમિત સંભાવનાઓની વિસ્તૃત વિગતો આપતા ઉમેર્યુ કે, પોષક તત્વો હોય, દવાઓની સપ્લાય ચેઈનનું મેનેજમેન્ટ હોય કે આયુષ આધારિત ડાયાગ્નોસ્ટીક ટુલ્સ કે ટેલિમેડિસિન દરેક સેક્ટરમાં ઈનોવેશન અને ઈન્વેસ્ટમેન્ટને અવકાશ છે.

વડાપ્રધાનશ્રીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતે આયુર્વેદ, યુનાની, હોમિયોપેથી તથા યોગને વૈશ્વિક મંચ પર લઈ જવા આયુષ વિઝા અને આયુષ માર્કની ઘોષણા કરવામાં આવેલી છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. તેમણે આવનારા વર્ષોમાં આયુષ સેવાઓનું વિકસતા દેશો સાથે આદાન-પ્રદાન પણ હીલ ઈન ઈન્ડીયા-હીલ બાય ઈન્ડિયા પોલીસી અન?વયે થશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

ભારતની પ્રેસિડેન્સીમાં યોજાઇ રહેલી જી ૨૦ શિખર પરિષદ અન્વયે આરોગ્ય મંત્રીઓની બેઠકના ભાગરૂપે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ વિષયે ડબ્લ્યુએચઓની આ સૌપ્રથમ સમિટ ગાંધીનગરમાં ૧૭થી ૧૯ ઓગસ્ટ દરમિયાન યોજાવાની છે. 'તમામ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી તરફ' ની થીમ સાથે આયોજિત આ સમિટમાં સ્વાસ્થ્ય સામેના પડકારોનું સમાધાન કરવા અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં પ્રગતિને વેગ આપવા માટે આ પરંપરાગત, પ્રશંસાત્મક અને સંકલિત ચિકિત્સાની ભૂમિકા પર સામૂહિક વિચાર મંથન થવાનું છે.

# રતનમહાલના દુર્ગમ જંગલમાં પહોંચ્યું મિશન ઇન્દ્રધનુષ આદિવાસી બાળકોનું રસીકરણ




દાહોદ,

દાહોદ જીલ્લાના જંગલ વિસ્તારમાં વસતા ગામોમાં પહોંચી આરોગ્ય વિભાગની ટીમો બાળકો અને સગર્ભા મહિલાઓનું કરી રહી છે. રસીકરણ રતનમહાલ પર્વત ઉપર વસેલા ત્રણ ગામો પીપરગોટા, ભૂવેરો અને અલિન્દ્રાના કુલ ૩૩ બાળકોને રસી આપીને સુરક્ષિત કરાયા.

ભારતનું ભવિષ્ય એવા બાળકોને આરોગ્યલક્ષી સુરક્ષા કવચ આપવામાં માટે શરૂ કરવામાં આવેલું મિશન ઇન્દ્રધનુષ રાજ્યના દુર્ગમ વિસ્તારોમાં પણ પહોંચ્યું છે. ખાસ કરીને જ્યાં મહામહેનતે પહોંચી શકાય એવા જંગલોમાં વસતા આદિવાસી પરિવારોના ઘરે જઈને આરોગ્ય વિભાગની ટીમો બાળકોને વિવિધ પ્રકારની રસી આપી રહ્યા છે. આવો જ એક વિસ્તાર છે રતનમહાલનું જંગલ : રતનમહાલ પર્વત ઉપર વસેલા ત્રણ ગામોના કુલ ૩૩ બાળકોને રસી આપીને સુરક્ષીત કરવામાં આવ્યા.



લીમડી સ્થિત શાંતીરત્ન ફાઉન્ડેશન (સંચાલિતઃ શ્રી નેમચંદજી ગુલાબચંદજી ચેરીટેબલ ટ્રસ્ટલીમડી) દ્વારા ૭૭ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે શાંતિરત્ન પટાંગણ વિનયપાર્ક ખાતે કરવામાં આવી. જેમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, ડો. હેડગેવાર છાત્રાલય લીમડીના વિદ્યાર્થીઓ તથા નગરજનોની ઉપસ્થિતિમાં આ પ્રસંગે શાંતીરત્ન ફાઉન્ડેશન લીમડી દ્વારા જીલ્લાના વિવિધ ગામડાઓમાં વસતા ગરીબ અસહાય જરૂરિયાતમંદ ૭ (સાત) દિવ્યાંગોને ટ્રાઈસિકલ (ત્રણ પૈડા વાળી સાઇકલ)નું વિતરણ કરી તેમના જીવનમાં હલન-ચલનની પડતી મુશ્કેલીને કઇંક અંશે ઓછી કરવાના ઉદ્દેશ સાથે આ સેવા કાર્ય પાર પાડેલ છે.



ગરબાડા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા કક્ષાના આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચંદનાના તલાટી કમ મંત્રી પારૂલબેન કે. જાદવને ગરબાડા તાલુકામાં તેમજ જીલ્લા પંચાયત વિભાગ તેમજ સરકારની જુદા-જુદા હસ્તકની ઉષ્કૃત કામગીરીને લઈને વહીવટી તંત્ર તરફથી ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરના હસ્તે પ્રમાણપત્ર આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ મનિષાબેન ગણાવા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર તાલુકા વિકાસ અધિકારી હિરલ પટેલ તેમજ ગરબાડા પોલીસ મથકના પી.એસ.આઈ જે.એલ.પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતના તમામ શહેરો કરતાં અમદાવાદમાં રહેવાનું પોસાય : પૂણે-કોલકાતા પછડાયા

નવીદિલ્હી,

દેશમાં ભલે સામાન્ય માણસનો પગાર વધી રહ્યો છે પરંતુ મોંઘવારી પણ એટલી જ વધી રહી છે. તેના કારણે જ આજે સામાન્ય માણસ કોઈ સેવિંગ કરી શકતો નથી. આવી સ્થિતિમાં દરેક વ્યક્તિ એવા શહેરમાં રહેવાનું પસંદ કરે છે જ્યાં તેની આવક ખર્ચા કરતાં વધુ દેખાઈ. એવામાં દેશના ટોચના આઠ શહેરોમાં ગુજરાતનું અમદાવાદ સૌથી વધુ પોસાય તેવું એટલે કે અફોર્ડેબલ શહેર છે.

વાત એમ છે કે બુધવારે રિયલ એસ્ટેટ કન્સલ્ટન્સી નાઈટ ફ્રેંક દ્વારા જાહેર કરવામાં આવેલા અફોર્ડેબિલિટી ઈન્ડેક્સ અનુસાર અમદાવાદ ભારતમાં સૌથી વધુ અફોર્ડેબલ શહેર બન્યું છે. આ ઈન્ડેક્સ લોકોની ઘરો અથવા અન્ય સામાન ખરીદવાની ક્ષમતા અને તેની સાથે જ માસિક હપ્તાના ગુણોત્તર અને કુટુંબની સરેરાશ આવક પર આધારિત છે. આ વર્ષના પ્રથમ ૬ મહિનામાં અમદાવાદનો રેશિયો દેશના બાકીના ૮ શહેરોની સરખામણીમાં સૌથી ઓછો રહ્યો છે.

ઈન્ડેક્સમાં અમદાવાદ ૨૩ ટકાના રેશિયો સાથે સૌથી અફોર્ડેબલ એટલે કે પોસાય તેવું શહેર છે અને આ પછી યાદીમાં કોલકાતા અને પૂણે આવે છે જએનો રેશિયો ૨૬ ટકા છે. આ સાથે જ સૌથી ૫૫ ટકાના વધુ રેશિયો સાથે મુંબઈ આ યાદીમાં સૌથી ઓછું અફોર્ડેબલ શહેર છે. આ યાદીમાં દેશની રાજધાની દિલ્હી ૩૦ અને હૈદરાબાદ ૩૧ ટકા રેશિયો છે. બેંગલુરુ અને ચેન્નાઈ બંનેએ ઈન્ડેક્સમાં ૨૮ ટકાનો રેશિયો હતો. એટલે કે આઠ શહેરોની યાદીમાં મુંબઈ આઠમા ક્રમે છે, ત્યારબાદ હૈદરાબાદ સાતમા, દિલ્હી છઠ્ઠા, બેંગલુરુ પાંચમા, ચેન્નાઈ ચોથા, પૂણે ત્રીજા અને કોલકાતા બીજા ક્રમે અને અમદાવાદ પહેલા ક્રમે છે.

રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેંકના અહેવાલ મુજબ, અમદાવાદ દેશનું સૌથી વધુ પોસાય તેવું શહેર છે. આ રિપોર્ટ માસિક ઈએમઆઈ (સમાન માસિક હપ્તા)ના ગુણોત્તર અને આ શહેરોમાં રહેતા લોકોની માસિક આવકના આધારે મેળવવામાં આવ્યો છે. આ યાદી અનુસાર દેશના મોંઘા શહેરોમાં મુંબઈનો સમાવેશ થાય છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ રહેશે. દિવસની શરૂઆતમાં તમે થોડી આળસ બતાવશો, પરંતુ બપોરે તમે નિર્ધારિત સમય પર તમારા કાર્યોને ઉત્સાહથી પૂર્ણ કરી શકશો.

વૃષભ : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સારો રહેશે, પરંતુ થોડી વધારે મહેનત કરશો. કોઈપણ જૂના નિર્ણય અથવા ડીલમાં ચોક્કસપણે સફળતા મળશે, જેનાથી હિંમત વધશે.

મિથુન : તમારા માટે આજનો દિવસ વ્યસ્ત અને લાભકારક રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે. આજે કાર્યમાં સફળતાના કારણે આત્મવિશ્વાસ વધશે. ઘર અને કાર્યક્ષેત્રની વ્યવસ્થા સુધારવામાં વધુ સમય વિતાવશો, પરિવર્તન લાવવા માટે પણ ખર્ચ કરી શકો છો. નાણાકીય લાભ માટે વધુ પ્રયત્નો કરવા પડી શકે છે.

કર્ક : લોકો તમારી સાથે વિવાદ કરી શકે છે. કોઈપણ પ્રકારના અનૈતિક વર્તનને ટાળો, નહીં તો વિવાદ વધવાની સંભાવના છે. પારિવારિક વાતાવરણ આવશ્યકતાની પરિપૂર્ણતા પર નિર્ભર રહેશે.

સિંહ : આજે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ આંખને લગતી ફરિયાદો રહી શકે છે. આજે કાર્યક્ષેત્ર અને ઘરની બાબતોમાં સાથે મળીને વિવિધ સમસ્યાઓના ઉદભવને કારણે મન થોડો સમય ખાલી થઈ જશે.

કન્યા : આજે તમે દિવસના પહેલા ભાગમાં પ્લાનિંગ સાથે કામ કરશો અને બપોર સુધી તમારી મહેનતનું ફળ ના મળવાથી તમે થોડા નિરાશ થશો. સાથીદારોની પ્રતિસ્પર્ધા પછી પણ નોકરિયાત લોકો તેમના ક્ષેત્રમાં ટોચ પર રહેશે.પરિવારના સભ્યોની માગ અસહજ કરી શકે છે, પરંતુ તેને ટાળવાથી વિવાદ થઈ શકે છે.

તુલા : આજનો દિવસ તમને મિશ્ર પરિણામ આપશે. મનમાં ક્રોધ અને નફરતની લાગણીને કારણે પ્રિયજનથી અંતર થઈ શકે છે. સવારથી જ બહાર ફરવા જવાની ઈચ્છા થશે. બપોરનો મોટાભાગનો સમય મનોરંજનમાં વિતાવશો.

વૃશ્ચિક : આજે પરિસ્થિતિ તમારા માટે અનુકૂળ રહેશે, પરંતુ આળસ અને મનોરંજન અને શોખના વલણને કારણે તમે સમયનો પૂરો લાભ લઈ શકશો નહીં. આજે તમે જે પણ કાર્ય શરૂ કરશો, તેમાં તમને સફળતા મળશે.

ધનુ : નવા સંબંધોથી ભાગ્ય ચમકશે અને તમને સામાજિક સન્માન મળશે. આ સાથે તમે ક્રિયા-પ્રતિક્રિયા વધારવામાં પણ સફળ થશો. દંપતિમાં સુમેળ રહેશે. પરિવાર સાથે મળીને કોઈ શુભ પ્રસંગ અથવા પર્યટનની તકો તમને મળશે.

મકર : આજે તમે તમારા સ્વભાવમાં ઉતાવળ કરશો, પહેલા તમે તમારા કાર્ય પ્રત્યે બેદરકાર થશો, પાછળથી તમે ઉતાવળમાં આવી શકો છો. દિવસની મહેનત સાંજે રંગ લાવશે. વેપારીઓ આજે સાંજ પછી જ ખુશ દેખાશે.

કુંભ : આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. તમે જે કાર્યમાંથી લાભની અપેક્ષા કરી રહ્યા છો તેમાં અંતિમ સમયમાં નિરાશા મળી શકે છે, પરંતુ સખત મહેનત કરવામાં કોઈ કસર છોડશો નહીં.

મીન : આજનો દિવસ ફાયદાકારક છે, પરંતુ કોઈ પણ અવરોધ તમને મુશ્કેલીમાં મુકી શકે છે, જે તમારું ધ્યાન વિચલિત કરશે. દિવસની શરૂઆતમાં નજીકના કોઈ તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે. પરંતુ ભૂતકાળમાં થયેલી ભૂલના કારણે મનમાં ડર પણ રહેશે.

# ઈન્ડિયામાં નવો વિવાદ : દિલ્હીની તમામ ૭ લોકસભા બેઠકો માટે કોંગ્રેસ તૈયારીઓ કરી રહી



નવીદિલ્હી,

આવતા વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીની તૈયારીમાં ભાજપ અને વિપક્ષ વ્યસ્ત છે. નોંધનીય છે કે ભાજપને હરાવવાના ઉદ્દેશ્ય સાથે ૨૬ વિપક્ષી દળો એકસાથે આવ્યા હતા અને આ ગઠબંધનને ઈન્ડિયા નામ આપ્યું હતું. એવામાં દિલ્હીમાં કોંગ્રેસની બેઠક બાદ પાર્ટીના નેતાઓના નિવેદનથી ફરી 'કંફ્યુઝન'ની સ્થિતિ સર્જાઈ છે.

વાત એમ છે કે કોંગ્રેસના નેતાઓએ નિવેદન આપ્યું હતું કે પાર્ટી નેતૃત્વને દિલ્હીની તમામ ૭ લોકસભા બેઠકો માટે મજબૂત તૈયારીઓ કરવા માટે કહેવામાં આવ્યું છે અને હવે કોંગ્રેસના નેતાઓના નિવેદનોના અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. આ સાથે જ નિવેદન પર પ્રતિક્રિયા આપતા આપ એટલે કે આમ આદમી પાર્ટીએ કહ્યું કે જો કોંગ્રેસે દિલ્હીમાં એકલા ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો તો પછી ઈન્ડિયા ગઠબંધનનો મતલબ જ શું છે?

આમ આદમી પાર્ટીના નેતા વિનય મિશ્રાએ એક વાતચિતમાં જણાવ્યું હતું કે 'કોંગ્રેસના એક નેતાનું આ ખૂબ જ ચોંકાવનારું નિવેદન છે અને આવા નિવેદનો પછી ઈન્ડિયા ગઠબંધન પાછળનું તર્ક શું છે? હવે અરવિંદ કેજરીવાલે નક્કી કરવું જોઈએ કે આગળ શું કરવું." જે દેશના હિતમાં સર્વોચ્ચ છે એવો નિર્ણય લેવો જોઈએ."

કોંગ્રેસની બેઠક બાદ પાર્ટીના નેતા અલકા લાંબાએ કહ્યું, "કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, વર્તમાન અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કેસી વેણુગોપાલ અને દીપક બાબરિયા લગભગ ૩ કલાક સુધી ચાલેલી બેઠકમાં હાજર રહ્યા અને સંગઠનને મજબૂત કરવા પર ચર્ચા થઈ હતી. દિલ્હી પહેલા ૧૮ રાજ્યોની લોકસભા બેઠકોની ચૂંટણીની તૈયારીઓને લઈને બેઠક યોજાઈ છે અને દિલ્હી ૧૯મું રાજ્ય હતું. ૨૦૨૪ની ચૂંટણી કેવી રીતે જીતવી તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આદેશ આપવામાં આવ્યો હતો કે દિલ્હીની સાતેય બેઠકો પર મજબૂત સંગઠન સાથે લડવું પડશે. દરેક નેતાએ આજથી જ નીકળવું પડશે. હવે ૭ મહિના અને ૭ બેઠકો છે. આ વાત થઈ છે કે જેની દિલ્હી છે, તેનો દેશ. આ વાત ઈતિહાસ પણ કહે છે. એટલા માટે અમને દિલ્હીની સાતેય બેઠકો પર તૈયારી રાખવાનું કહેવામાં આવ્યું હતું."

અલકા લાંબાએ આગળ કહ્યું કે, "હજી સુધી અમને કહેવામાં આવ્યું નથી કે અમે બે સીટ પર લડીશું, ચાર સીટ પર લડીશું કે બાકીના પર કામ નહીં કરીએ... એવું કંઈ નથી. સાત સીટો પર દિલ્હીમાં અમે (કોંગ્રેસ) ૨૦૧૯ની ચૂંટણીમાં બીજા ક્રમે આવ્યા હતા. હવે ભારત જોડો યાત્રા પછી આપણે જોઈ રહ્યા છીએ કે લોકો ભાજપ સામે દેશમાં કોંગ્રેસને મજબૂત વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. રાહુલ ગાંધીએ પણ પોતાના અનુભવો શેર કર્યા છે. લાંબાએ વધુમાં કહ્યું કે, "કોંગ્રેસનો મત આમ આદમી પાર્ટી તરફ ગયો છે. ભાજપ પાસે સ્થિર રેખા છે. અમારી લડાઈ ભાજપ સાથે છે, પરંતુ અમારો મત આમ આદમી પાર્ટી સાથે છે. આમ આદમી પાર્ટીના બે મોટા નેતાઓ છે. હાલ ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં છે..એવી પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે, મુખ્યમંત્રી પર પણ ખતરો છે પણ અમે ચૂંટણી લડીશું કે નહીં અથવા કેટલી બેઠકો પર લડીશું.. એવી કોઈ વાત નથી. અમારે હવે સંગઠનને મજબૂત બનાવવું પડશે. તમામ સાત બેઠકો પર અમારી તૈયારીઓ મજબૂત કરવી પડશે."

કોંગ્રેસ નેતા અને દિલ્હી પ્રદેશ અધ્યક્ષ અનિલ ચૌધરીએ દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લોકસભાની ચૂંટણી લડવાના સવાલ પર કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી સંગઠનને મજબૂત કરશે અને લડશે. એકતાપૂર્વક અમે આમ આદમી પાર્ટી કે ગઠબંધન અંગે ચર્ચા કરી નથી. આપણી પોતાની રીત છે. અમે પોલ ખોલ યાત્રાથી અરવિંદ કેજરીવાલ સરકારની નીતિઓને ઉજાગર કરવાના તમામ પ્રયાસો કર્યા છે.

આમ આદમીના સૌરભ ભારદ્વાજે કહ્યું, 'આવી વાતો આવતી રહેશે. કોંગ્રેસના આ નિર્ણયથી ભારતના ગઠબંધનમાં કોઈ ફરક નહીં પડે. નિવેદનો આપનારા બહુ નાના નેતાઓ છે. અનિલ ચૌધરી અને અલકા લાંબાએ નિવેદનો આપ્યા છે, બંનેના જામીન ક્યાં બાકી છે. જો તમે બંનેને ભેગા કરશો તો પણ તમે જીતી શકશો નહીં.' શું આમ આદમી પાર્ટી પણ દિલ્હીની સાત લોકસભા સીટો પર એકલા હાથે ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે? આ પ્રશ્ન જવાબ પર સૌરભ ભારદ્વાજે કહ્યું કે "પાર્ટીનું કેન્દ્ર નેતૃત્વ આ નિર્ણય લેશે."

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ LCB પોલીસે કુખ્યાત બુટલેગર સનુ પલાસના લાખો રૂપિયાના દારૂ સાથે બે ખેપિયાઓને ઝડપી પાડ્યા.



દાહોદ,

દાહોદ જીલ્લામાં વિદેશી દારૂની હેરફેરમાં સંકળાયેલા બુટલેગર તત્વો સક્રિય થતા જીલ્લા પોલીસવાળા ડો.રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શનમાં સરહદી વિસ્તારોમાં વિદેશી દારૂની બદીને કડક રીતે ડામી દેવા સક્રિય બનેલી દાહોદ પોલીસ દ્વારા બુટલેગર તત્વો સામે લાલ આંખ કરી વિદેશી દારૂની બંધીમાં સંકળાયેલા લીસ્ટેડ બુટલેગરોને જેલ ભેગા કરતા વિદેશી દારૂની હેરફેરમાં સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ત્યારે ગત રોજ દાહોદ એલસીબી પી.આઇ કે.ડી.ડીંડોર તેમજ તેમની ટીમ કતવારા ખાતે પેટ્રોલિંગમાં નીકળી હતી. તે દરમિયાન કુખ્યાત બુટલેગર સનુ પલાસ અને તેના માણસો દ્વારા મધ્યપ્રદેશના રાણાપુરથી નિમચ, ગાંગરડા, દસલા, દેવદા થઈમાતવા તેમજ આજુબાજુના વિસ્તારોમાં વિદેશી દારૂના લાખો રૂપિયાના જથ્થાને કટીંગ માટે લવાતો હોવાની બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે વોચ દરમિયાન બાતમીમાં દર્શાવેલ GJ.01.HK.7220 નંબરની ઈનોવા ગાડી તેમજ એક વગર નંબરની હુંડાઈ વેન્યુ ગાડી આવતા પોલીસે બંને ગાડીઓને રોકી તલાસી લેતા ભારતીય બનાવટના વિદેશી દારૂની ૬૫ પેટીઓમાં ૨,૦૪૦ બોટલો મળી કુલ ૨.૫૪ લાખનો વિદેશી દારૂ તેમજ ૦૫ લાખ રૂપિયાની કિંમતની ગાડી મળી કુલ ૭.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યારે હુન્ડાઈ કંપનીની ગાડી માંથી ૨૯ પેટીઓમાં ૮૧૬ નંગ બોટલો જેની કિંમત ૯૫,૫૨૦ના વિદેશી દારૂની કિંમતની બોટલો, મોબાઈલ ફોન તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ ૫.૯૬, લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બંને ગાડીઓમાં વિદેશી દારૂ ભરી લાવનાર અમરાભાઈ રમણભાઈ ડામોર (રહેવાસી માતવા ડામોર ફળિયું) તેમજ લક્ષ્મણભાઈ ચુનિયાભાઈ માવી (રહેવાસી માતવા નવા ફળીયા)ની અટકાયત કરી કુલ ૧૩.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બંને ગાડીઓના ચાલકો તેમજ કુખ્યાત બુટલેગર સનુ પલાસ વિરૂદ્ધ પ્રોહી અંગેનો ગુનો દાખલ કર્યો હતો.

## દાહોદ નજીક દસલા ગામેથી પોલીસે લાખો રૂપિયાનો દારૂ ભરેલી સ્કોર્પિયો ગાડી ઝડપી, ચાલક ફરાર



દાહોદ,

દાહોદ તાલુકાના દસલા ગામેથી પેટ્રોલિંગમાં નીકળેલી કતવારા પોલીસે બાટલીના આધારે સફેદ કલરની સ્કોર્પિયો ગાડી માંથી ૩.૪૯ લાખ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જ્યારે પોલીસને જોઈ રાત્રિના અંધારામાં સ્કોર્પિયો ગાડીનો ચાલક ફરાર થઈ જતા કતવારા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ ફોરવીલર ગાડી મળી ૬.૪૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન ની હેરફેરમાં સામેલ બુટલેગરો સામે ગુનો દાખલ કર્યો છે.

મધ્યપ્રદેશના સરહદી વિસ્તારોમાંથી બુટલેગરો વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડી તગડો નફો રળી લેવા અવનવા કીમીયા અજમાવે છે. ત્યારે વિદેશી દારૂની વધીને ડામવા તેમજ બુટલેગરોને અંકુશમાં રાખવા દાહોદ પોલીસ દ્વારા છેલ્લા એક અઠવાડિયા ઉપરાંતથી લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા સાપડી છે. ત્યારે તાજેતરમાં ગઈકાલે કતવારા પોલીસ મથકના પી.એસ.આઇને બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશના રાણાપુર તરફથી કુંદનપુર દસલા જવાના રસ્તા પર વગર નંબરની સ્કોર્પિયો ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પેટ્રોલિંગમાં નીકળેલી કતવારા પોલીસે દસલા ગામે વોચ ગોઠવી હતી. તે સમયે સામેથી બાતમીમાં દર્શાવેલ ગાડી આવતા પોલીસ સાબદી બની હતી. સ્કોર્પિઓ પરંતુ વિદેશી દારૂ લાવનાર ખેપિયાએ પોલીસને દૂરથી જોઈ સ્કોર્પિઓ ગાડીને રોડની સાઈડમાં ઊભી કરી જંગલમાં ભાગી જતા પોલીસે ગાડીની તલાસી લેતા તલાસી દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદા જુદા માર્કની ૨૮૮૦ બોટલો મળી કુલ ૩,૪૯,૯૮૦ રૂપિયાનો દારૂ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ ત્રણ લાખ રૂપિયા કિંમતની સ્કોર્પિયો ગાડી મળી કુલ ૬,૪૯,૯૮૦ રૂપિયાનું મુદ્દામાલ કબજે કરી ફરાર થયેલા ખેપિયા તેમજ દારૂ લાવનાર તેમજ મંગાવનાર તત્વો સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

### દ્વાપર કાળથી અસ્તિત્વમાં આવેલું દેવધરી મહાદેવ મંદિર

## દાહોદ નજીક અફાટ વનરાજી તેમજ ડુંગરાળ વિસ્તારમાં આવેલું દેવધરી મહાદેવ મંદિરમાં શ્રાવણ માસમાં દૂર દૂરથી દર્શનાર્થે આવે છે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરથી ૧૦ કિલો મીટર દૂર જેકોટ ખાતે રેલ્વે પ્રીમાઇસીસથી અડીને આવેલા દેવઝરી મહાદેવ મંદિર જેને જલાધારી મહાદેવ મંદિરના નામથી પણ ઓળખાય છે. આ મંદિરનો સંબંધ દ્વાપર કાળથી જોડાયેલો છે. એક વાયકા પ્રમાણે પાંડવો અજ્ઞાત વાસ દરમિયાન પ્રાચીન સમયમાં હીડમ્બા વન તરીકે ઓળખાતા આ વિસ્તારમાં રોકાણ કર્યું હતું. પ્રાકૃતિક સૌંદર્યથી પરિપૂર્ણ આ વિસ્તારમાં પાંડવોએ એક સમય પસાર કર્યો હતો અને જેમાં પાંડવો ભગવાનની પૂજા કરી ભોજન પ્રસાદી લેવાની ટેવ ધરાવતા હોવાથી આ સ્થળે શિવલિંગનું સ્થાપના કરી હતી. એટલુંજ નહિ પાંડવોએ જે સમયે રોકાણ કર્યું હતું એ સમયે અકાળ પડ્યું હતું અને ભીમને તરસ લાગતા ભીમે પોતાના જમણાં પગના અંગુઠાથી ઠેસ મારી એક જળધારા ઉત્પન્ન કરી હતી. જે આજે ભીમ કુંડથી પ્રખ્યાત છે. દ્વાપર કાળથી અસ્તિત્વમાં આવેલા આ ભીમ કુંડની ધોધ સ્વરૂપે વહેતી જલધારા આજે પણ યથાવત છે. આ પાણી ક્યાંથી આવે છે ? તે એક રહસ્ય છે એટલું જ નહિ અહીંના સ્થાનિકોએ જે જગ્યાએ જલધારા પડે છે, તે કુંડની ઊંડાઈ માપવાનો પ્રયાસ કર્યો પરંતુ આજદિન સુધી તે કેટલો ઊંડો છે, તે માપી શકાયું નથી. દ્વાપર કાળથી સંબંધ ધરાવતા આ દેવઝરી મહાદેવ મંદિરમાં મહાદેવની સાથે બે નંદી બિરાજમાન છે. તે સૌનું ધ્યાન આકર્ષિત કરે છે. તેની પણ એક વાયકા છે, જે લોક મુખે ચર્ચાઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ૧૮૮૨માં બ્રિટિશના જમાનામાં આ જગ્યાએ દિલ્હી–મુંબઈ રેલ માર્ગનું કામ ચાલી રહ્યું હતું. જેમાં અંગ્રેજો દ્વારા આ સ્થળથી તદ્દન નજીક પુલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. જેમાં દિવસ દરમિયાન જેટલું પુલનું કામ થતું તે રાતભરમાં પડી જતું હતું. તે સમયે રેલ્વેના ઇન્જીનીયરો પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા અને એક ઇન્જીનીયરને એક રાત્રે સપનું આવ્યું અને આ સ્થળે આવી મંદિરમાં એક નંદીને પ્રસ્થાપિત કરી નદીનું પુલનું નિર્માણ કાર્ય શરૂ કર્યું હતું અને તે નિર્વિઘ્ને પૂર્ણ થતા અને બીજા નંદીને બિરાજીત કરી બીજી લાઈનનું પુલ બનાવવામાં આવ્યું અને આમ નિર્વિઘ્ને બન્ને પુલ બની ગયા હતા અને આમ મહાદેવની સાથે બે નંદીના બિરાજમાન હોવાની કહાની રેલ્વે સાથે જોડાયેલી હોવાનું અહીંના સ્થાનિકો અને મંદિરના પૂજારી જણાવે છે. કુદરતી સૌંદર્ય અને સંપદાથી પરિપૂર્ણ ભીમ કુંડમાંથી અવિરત પણે વહેતી જલધારા એ નદીનું સ્વરૂપ લીધું છે. જે અહીંના સૌંદર્યને ચાર ચાંદ લગાવે છે. પૌરાણિક કાળથી મહત્વ ધરાવતા આ દેવઝરી મંદિર દાહોદ જિલ્લો જ નહિ પરંતુ આસપાસના રાજસ્થાન અને મધ્યપ્રદેશના લોકોમાં પણ પ્રખ્યાત છે. અહીંયા લોકો દૂર દૂરથી તેમાંય ખાસ શ્રાવણ માસમાં દૂર દૂરથી આવે છે અને પાંડવોના દ્વારા નિર્મિત કરેલા મહાદેવની પૂજા કરી ધન્યતા અનુભવે છે.

## દેવગઢ બારીયા નગરના કાપડી વિસ્તારમાં ચાલતા જુગાર ધામ પર પોલીસની એન્ટ્રી, એક મહિલા સહિત ત્રણ જુગારીયા ઝડપાયા



દે.બારીયા,

દેવગઢબારિયા નગરના કાપડી વિસ્તારમાં આઈશાબીબી ઉર્ફે આસુડી કયુમભાઈ નાનાભાઈ બાંડીબારીયા પોતાના રહેણાંક મકાનના પાછળના ભાગે જુગાર રમાડતી હોવાની બાતમી દેવગઢબારિયા પોલીસ મથકના પીએસઆઇ ચિરાગ દેસાઈને થતા પીએસઆઇ તેમજ પોલીસની ટીમેં કાપડી વિસ્તારમાં આયેશાબીબીના ઘરના પાછળ ખુલ્લામાં ચાલી રહેલા જુગારધામ પર દરોડો પાડી જુગાર રમાડી રહેલી આઈશાબીબી ઉર્ફે આસુડી કયુમભાઈ નાનાભાઈ બાંડીબારીયા, સીકન્દરભાઇ કયુમભાઈ જાતે બાંડીબારીયા, રહે.કાપડી બાંડીબારીયા તેમજ ઇંકલભાઈ ઉર્ફે રાહુલભાઈ દિલીપભાઈ જાતે દંતાણી, રહે.લીમખેડા માર્કેટ ફળીયાને ઝડપી તેઓની પાસેથી દાવ પર તેમજ અંગ જડતી દરમિયાન મળેલ રોકડ તેમજ પાના પત્તા ની કેટ મળી ૧૧,૨૦૦ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂદ્ધ જુગાર ધારા અંતર્ગત ગુનો નોંધ્યો છે.

## જિલ્લા કક્ષાના ૭૭ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના કાર્યક્રમમાં ઝાલોદ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે વિજેતા થયા



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી કે.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદના વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. કોલેજના આચાર્ય મધુકર પટેલની આગેવાનીમાં સમસ્ત ઝાલોદ કોલેજના પરીવારે ઉમંગથી સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં લેફ્ટનન્ટ પ્રોફે.ડો.અજિતસિંહ પરમારના માર્ગદર્શનમાં NCCના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત ઉપર "એક પૈગામ દેશ કે નામ" પોતાની કૃતિ રજૂ કરી હતી. આ કૃતિએ સમસ્ત કાર્યક્રમમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. જેને બિરદાવતા ગુજરાત રાજ્યના ગૃહમંત્રીના હસ્તે ડો.અજીતસિંહ પરમાર અને એન.સી.સી. કેડેડ્સનું સન્માન કરી સ્મૃતિ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

## ગરબાડા તાલુકા પંચાયત પટાંગણમાં "મારી માટી...મારો દેશ માટીને નમન, વીરોને વંદન" અંતર્ગત કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

તારીખ ૧૭ ઓગસ્ટના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશભરમાં વીરોના બલિદાનને યાદ કરવા માટે શીલા ફલકમ અને ૭૫ વૃક્ષો વાવીને દેશના ખૂણે ખૂણેથી માટી એકત્ર કરવા માટેના આહવાનનાં ભાગરૂપે આજે ગરબાડા તાલુકા પંચાયતના પટાગણમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સૌ પ્રથમ તિરંગા યાત્રા ગરબાડા ગ્રામ પંચાયતી નીકળી ગરબાડા નગરમાં થઈને તાલુકા પંચાયત કચેરીના પટાણગણમાં શીલા ફલકમ પર વંદન કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ગરબાડા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં નિવૃત્ત સેનાના સૈનિકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને તેમની દેશ સેવા અને દેશભક્તિને યાદ કરી તમામ નિવૃત્ત સૈનિકોનો સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી હિરલ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ મનિષાબેન ગણાવા, ગરબાડા પોલીસ મથકના પી.એસ.આઈ. જે.એલ પટેલ, ગરબાડા પાર્ટી પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ, તાલુકા સભ્યો, જીલ્લા સભ્ય, ગ્રામ પંચાયતના સરપંચો સહિત સલગ્ન વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ માં મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત ત્રણ રાઉન્ડમાં આપવામાં આવશે રસી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર ઉદય ટીલાવતના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં કુલ ૪૧૯ સેશન પોઈન્ટ જેવા કે સીએચસી, પીએચસી, આરોગ્ય કેન્દ્ર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તેમજ હાઈરીસ્ક એરિયામાં ઝીરો થી બે વર્ષ અને બે વર્ષથી પાંચ વર્ષના બાળકને તેમજ સગર્ભા બહેનોને જે લોકોએ કોઈપણ પ્રકારની રસી મેળવેલ નથી. તેમજ ડ્રોપ આઉટ છે, તેમને ત્રણ રાઉન્ડમાં રસી આપવામાં આવશે. આ મિશન અંતર્ગત ઓગસ્ટ મહિનામાં ૭ થી ૧૨ તારીખ સુધી સપ્ટેમ્બર મહિનામાં ૧૧ થી ૧૬ તારીખ સુધી ઓક્ટોબર મહિનામાં ૯ થી ૧૪ તારીખ આમ ત્રણ રાઉન્ડમાં રસીકરણનો કાર્યક્રમ દાહોદ જીલ્લામાં થવાનો છે. ત્યારે આરોગ્યતંત્ર દ્વારા દાહોદની જનતાને એનો લાભ લેવા નમ્ર વિનંતી છે.



દાહોદ મામલતદાર ઓફિસમાં ફરજ બજાવતા બે ભાઈઓ રતનસિંહ ભીમસિંહ રાઠોડ અને મહેન્દ્રસિંહ ભરતસિંહ ચાવડા અંદાજીત (૨૪ વર્ષ થી) ૧૯૯૯ થી સતત ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ ના રોજ દાહોદની મધ્યમાં આવેલા એવા ગઢીના કિલ્લા પર કે ધ્વજ વંદન કરે છે.

## દાહોદના APMC ગેટ નજીક છાયડામાં બેઠેલા વૃદ્ધ વ્યક્તિનું આકસ્મિત રીતે મોતને ભેટ્યો



દાહોદ,

દાહોદ તાલુકાના ટીમરડા ગામે રહેતા બચુ ભાઈ મેડા જે વડોદરા ખાતે રેલ્વેમાં ફરજ નિભાવતા હતા. હવે તેઓ નિવૃત થઈ ગયા હત અને પોતાના પરિવાર સાથે ટીમરડા ગામે નિવૃત જીવન ગુજારતા હતા. જે આજે પેન્શન લેવા દાહોદની સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયામાં આવ્યા હતા. ત્યારે પેન્શન લઈ અનાજ માર્કેટના ગેટ નંબર–૨ પર છાયડામાં બેઠા હતા. તે દરમિયાન અચાનક બચુભાઈને ચક્કર આવી જતાં બચુભાઈ મેડા જમીન પર બેઠા બેઠા પડી ગયા હતા. અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યુ હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારે અજાણ્યો વૃદ્ધ ઈસમ જમીન પર પડતા માથાના ભાગે ગંભીર ઈજાં થતા લોહીં લુહાણ થયા હોવાની જાણ આસપાસના લોકોને થતા લોકો દોડી આવી વૃદ્ધ વ્યક્તિની ઓળખ કરી તેના પરિવારજનોને જાણ કરતા પરિવારજનો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને બચુભાઈની મોત થયા હોવાના સમાચાર મળતા પરિવારજનોમાં શોકનું માતમ ફરી વળ્યું હતું.અને તેમના મૃતદેહને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યું હતું.

## ઝાલોદ કોળીવાડા વિસ્તારમાં રાત્રીના સમયે મકાનની દિવાલ પડી જતાં એક મહિલા ઈજાગ્રસ્ત

ઝાલોદ,

ઝાલોદ નગરના કોળીવાડા વિસ્તારમાં તારીખ ૧૬–૦૮–૨૦૨૩ ના રોજ અંદાજીત રાત્રીના ૧૦ વાગ્યાની આસપાસ એક કાચા મકાનની દિવાલ ઘસી નીચે પડી ગઈ હતી. જે મકાનની દિવાલ પડી ગયેલ હતી તે મકાન કાચું હતું. રાત્રિના સમય દરમ્યાન દિવાલ પડી તે સમયે એક મહિલા મકાનની અંદર હતી અને તે દિવાલ તે મહિલા ઉપર પડી ગયેલ હતી.

મહિલા પર દિવાલ પડતાં ત્યાં રહેનાર લોકોમાં ચીસાચીસ થઈ ગયેલ હતી. તેથી તાત્કાલિક આસપાસના લોકો ઘટના સ્થળે પહોંચી ગયેલ હતા અને દીવાલની નીચે દબાઈ ગયેલ મહિલાને તાત્કાલિક કાઢી લેવામાં આવી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ પણ સમયસર ત્યાં આવી ગયેલ હોવાથી ઘાયલ મહિલાને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલ હતી. હોસ્પિટલમાં હાજર સ્ટાફ દ્વારા ઘાયલ મહિલાની તાત્કાલિક સારવાર કરવામાં આવી હતી. હાલ ઘાયલ થયેલ મહિલાની પરિસ્થિતિ સારી હોવાનુ સાંભળવા મળેલ છે.

અત્રે એ નોંધનીય છે કે, જે મકાનની દિવાલ પડી ગયેલ હતી. તે મકાન જૂનું અને કાચી અવસ્થામાં કેટલાય સમયથી જોવા મળી રહેલ હતું. પરંતુ દિવાલ કેવી રીતે પડી ગઈ એ વાતને લઈ કોઈ વાતો જાણવા મળી રહેલ નથી અને જે દિવાલ પડી ગઈ હતી તે કેવી રીતે પડી તે તપાસનો વિષય છે. આ મકાનની દિવાલ પડતાં કોઈ મોટી જાનહાની સર્જાઈ ન હતી અને મકાનમાં રહેતા લોકોનો આબાદ બચાવ થયેલ હતો. હાલ જાણવા મળેલ મુજબ મકાનની દિવાલ ધરાશાયી થયેલ હોવાથી મકાનનો કાટમાળ સાથે પડી ગયેલ જોવા મળી રહેલ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.305

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરાના સ્ટેશન રોડ પર જૈન દેરાસરની બાજુમાં

# ખુલ્લેઆમ માંસાહાર પીરસતી હોટલ રેસ્ટોરેન્ટ બંધ કરવાની માંગ કરતું કલેક્ટરને આવેદનપત્ર

- નિયમીત આવતાં સમાજના અનુયાયીઓમાં માંસાહારને લઈને ભારે નારાજગી.
- જીવપ્રેમી અને દયાભાવ ધરાવતા સમાજના ધાર્મીક મંદિર પાસે ખુલ્લેઆમ સામગ્રી વેચાણ સાથે ફેંકવામાં આવતાં દુભાતી લાગણી.
- અવારનવાર હોટલ બંધ કરવાની માંગ છતાં તંત્ર દ્વારા મૌનને લઈને અનેક તર્કવિર્તકો.
- કલેકટરને આવેદનપત્ર આપવા સાથે ગૃહમંત્રીને કરવામાં આવેલી ઉગ્ર રજુઆત.

ગોધરા,

ગોધરા શહેરના સ્ટેશન રોડ પર આવેલ જીવ પ્રેમી અને સર્વ જીવો પ્રત્યે દયાભાવ ધરાવતા દિગંબર જૈન મંદિર દેરાસરની બાજુમાં ખુલ્લે આમ, હોટલ રેસ્ટોરેન્ટ ખોલીને માંસાહારી ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવામાં આવતાં જૈન સમાજની લાગણી દુભાઈ રહી છે. અવારનવાર માંસાહારી રેસ્ટોરનટ બંધ કરવાની માંગ કરવા છતાં કોઈ ઉકેલ નહીં આવતા નાછુટકે જૈન સમાજ દ્વારા ગૃહમંત્રીને પત્ર પાઠવવા સાથે મોટી સંખ્યામાં પહોંચેલા આગેવાનો દ્વારા જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપી ભારે નારાજગી વ્યકત કરવામાં આવી છે.

ભારતમાં વસ્તીની દ્રષ્ટીએ લઘુમતી સમુદાયમાં જૈન સમાજની ગણતરી કરવામાં આવે છે. વર્ષોથી જૈન સમાજ જીવપ્રેમી અને સર્વે જીવોપ્રત્યે દયાભાવના ધરાવે છે. અને શાંતિપૂર્ણ ગુજરાન વિતાવાની સાથે જૈન દેરાસરમાં નિયમીત આરાધના કરવામાં આવે છે. ત્યારે ગોધરા શહેરના સ્ટેશન રોડ પર આવેલ શ્રી મહાવીર દિગંબર જૈન મંદિર દેરાસર અત્યંત ભરચક અને વાહનોની અવરજવરથી વિસ્તાર ધરાવે છે. અહી આસપાસના વિસ્તાર માંથી વસવાટ કરતાં જૈન સમુદાય નિયમીતપણે દેરાસરમાં આવીને આરાધના સાથે ધાર્મીક પ્રવૃતિ કરે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી એક માંસાહારી ખાદ્ય બનાવટો તૈયાર કરતી હોટલ રેસ્ટોરન્ટ ઉભી કરવામાં આવતાં જીવદયા ધરાવતા જૈન સમાજની લાગણી દુભાતા નારાજગી અનુભવાઈ રહી છે. આ માંસાહારી ચીજવસ્તુઓ વેચાણ કરતી રેસ્ટોરન્ટ બંધ કરવાની સમાજના અગ્રણીઓની માંગણી



હોવા છતાં હજુસુધી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં છુપો રોષ વ્યાપ્યો છે. કેટલોક સમય વિતવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં છેવટે નારાજ બનેલા શ્રી મહાવીર દિગંબર જૈન મંદિર દેરાસર તેરાપંથી આમનાથ ટ્રસ્ટના આગેવાનો ગુરૂવારના રોજ કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. તેઓની સાથે સમાજના અન્ય અનુયાયીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. માંસાહારી ચીજવસ્તુઓ વેચાણ કરતી હોટલ વિરૂદ્ધ ટ્રસ્ટ દ્વારા જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતું કે અમારા સમાજનું વર્ષો જુનું દિગંબર જૈન મંદિર દેરાસર ગોધરા શહેરી વિસ્તારમાં સ્ટેશન રોડ સ્થિત આવેલું છે. જ્યાં અમારી ધાર્મિક રીતી-રીવાજો અને પરંપરાઓ મુજબ આરાધના કરીએ છીએ, અમારો જૈન ધર્મ જીવપ્રેમી અને સર્વે જીવો પ્રત્યે દયા ભાવના સાથે રહેતો સમાજ છે અને અમે શહેરનો શાંતિપ્રિય સદભાવના અને સર્વ ધર્મને માન સન્માન આપીએ છીએ અને આ અમારા જૈન દેરાસરને અડીને હોટલ અને રેસ્ટોરેન્ટ અને ગેસ્ટ હાઉસ કે જ્યાં માંસાહારી વસ્તુ બનાવી તેમનું વેચાણ કરવામાં આવે છે અને ત્યાં મુસ્લિમ સમાજ બહોળા પ્રમાણમાં આવતો હોય અને માંસાહાર ખાઈ તેનો કચરો દેરાસરની બહાર ફેંકતા હોય તેથી અમારા સમાજની લાગણી દુભાઈ રહી છે. વધુમાં આવેદનપત્રમાં તંત્રને તાકીદ કરતા ઉમેરવામાં આવ્યું હતું કે, અમારા સમાજ તરફથી કોઈપણ બીજા ધર્મના લોકોની આસ્થા કે લાગણી દુભાય તેવું કાર્ય અમો શાંતિપ્રિય જૈન સમાજ દ્વારા કરવામાં આવતું ન હોવા છતાં અમારા આરાધનાના સ્થાનની બાજુમાં મુસ્લિમ સમાજના માથાભારે તત્વોએ છે કે, જે ગોધરા શહેરનું વાતવરણ ડહોળવા માંગતા હોય તેવા લોકો દ્વારા અમારા દેરાસરને અડીને માંસાહારી હોટેલ શરૂ કરવામાં આવી છે. જેને લઈને અમારા સમાજની લાગણી દુભાય છે. જેને લઈને તાત્કાલિક માંસાહારી હોટેલ બંધ કરાવવા માટે જૈન સમાજની લાગણી છે, તેવો આવેદનપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છેકે, આ રેસ્ટોરન્ટની જગ્યાની માલિકી તથા તંત્ર તરફથી આપવામાં આવેલ પરવાનગી બાબતે પણ સમાજના ઉપસ્થિત આગેવાનોએ પ્રશ્નાર્થ કરીને તપાસની માંગ કરતા પણ સાંભળ્યા હતા. હવે જોવું રહયું કે, કલેક્ટર અને ગૃહમંત્રી સુધી રજુઆત કર્યા બાદ હવે ભાજપા શાસીત નગર પાલિકા એકશનમાં આવીને તપાસ હાથ ધરે છે કે, કેમ તે તેવા પ્રજામાં પ્રશ્નાર્થ સેવાઈ રહ્યા છે.

## શહેરા-ગોધરા હાઈવે ટીમ્બા પાટીયા ચોકડી પાસે ટ્રકે બાઈકને અડફેટે લેતાં પુત્રનું મોત પિતાને સારવાર અર્થે ખસેડાયા

શહેરા,

શહેરા-ગોધરા હાઈવે પર આવેલ ટીમ્બા પાટીયા ચોકડી પાસે ટ્રક સાથે બાઈક અથડાતાં બાઈક ઉપર સવાર પિતા-પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતા ૨૫ વર્ષીય પુત્રનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પિતાને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા શહેરા રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ઘમાઈ ગામના રહેવાસી મોહનભાઈ ભેમાભાઈ પગી અને તેમનો ૨૫ વર્ષિય પુત્ર સતીષ પગી પોતાની બાઈક નંબર જીજે.૦૬.કેએલ. ૨૨૬૮ બાઈક ઉપર સવાર થઈ ગોધરા તાલુકાના છકડીયા ગામે કોઈક કામઅર્થે ગયા હતા અને કામ પતાવી પરત ઘરે જવા નીકળ્યા હતા. તે સમય દરમિયાન શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર આવેલ ટીમ્બા પાટીયા ચોકડી પાસે તેઓની બાઈક ટ્રક સાથે અથડાતાં બાઈક ઉપર સવાર બંને પિતા-પુત્ર રોડ ઉપર પટકાયા હતા. જેને લઈને પિતા-પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતા પિતા-પુત્ર પૈકી ૨૫ વર્ષીય પુત્ર સતીષ પગીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને કરવામાં આવતા ૧૦૮ એમ્બ્યુલન્સે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત મોહનભાઈ પગીને શહેરા રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા સાથે તેમના પુત્ર સતીષના મૃતદેહને પણ રેફરલ હોસ્પિટલમાં લવાયો હતો. ઘટનાની જાણ તેઓના પરિવારજનોને થતાં પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યાં તેમના પુત્રને મૃત હાલતમાં જોતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. આમ, શહેરા તાલુકાના ઘમાઈ ગામના પિતા-પુત્રને છકડીયા ખાતેથી પરત ફરતી વેળાએ ટીમ્બા પાટીયા ચોકડી પાસે અકસ્માત નડતા પુત્રનું મોત નીપજ્યું હતું.

## ગોધરા મોહમંદી મોહલ્લા વિસ્તારમાં દુષીત પીવાનું પાણી આવતું હોવાથી રોગચાળાની ભીંતિ ચીફ ઓફિસરને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા મોહમદી મોહલ્લા વિસ્તારમાં પાલિકા દ્વારા પુરો પાડવામાં આવતાં પાણીના પુરવઠામાં દુષિત પાણી આવતું હોય તેમજ સ્વચ્છતા સફાઈ અને ગટર ઉભરાવાને લઈ રોગચાળાના ભય સતાવી રહ્યો હોય તેના નિકાલ માટે પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા મોહમંદી મોહલ્લા વિસ્તારમાં નગર પાલિકા દ્વારા પુરા પાડવામાં આવતાં પીવાના પાણીના પુરવઠામાં ગટરનું દુષિત



પાણી ભેળવાતું હોય જેને લઈ ગંદુ અને દુષિત પાણી આવી રહ્યું છે. દુષિત પાણીને લઈ આ વિસ્તારમાં દરેક ઘરમાં કમળા, મેલેરીયા, ટાઈફોઈડ, ઝાડા ઉલ્ટી, ડેન્ગ્યુ વગેરે રોગો ઘર કરી ગયા છે. આ વિસ્તારમાં સફાઈ, સ્વચ્છતા ઉભરાતી ગટરો જેવા અનેક પ્રશ્નોનો હલ થતો નથી. પાલિકા તંત્ર આ મહોલ્લામાં રહેતા વૃદ્ધો, બાળકો, મહિલાઓના આરોગ્યની ચિંતા રાખીને છેલ્લા લાંબા સમયથી આવતા પાણીના દુષિત પાણીનો પ્રશ્ન હલ કરે તેવી માંગ સાથે સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા ગોધરા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરવામાં આવી.

## EMRS ઘોઘંબા અને આદર્શ નિવાસી શાળામાં યોજાયેલ સ્વતંત્ર પર્વની ઉજવણી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ ઘોઘંબાની વેજલપુર તાલુકા કાલોલ ખાતે ચાલતી સ્કૂલમાં ૧૫મી ઓગસ્ટની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. શાળાના આચાર્યના હસ્તે દવજ વંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થી પિયુસભાઇ તથા વૈદેહી બેન ધો-૯ જેઓએ સફળ સચાલન કરેલ શાળાના આચાર્યએ પ્રાસગિક પ્રવચન આપેલ સાથે સાથે આદર્શ નિવાસી શાળાના આચાર્યએ પણ પ્રસંગીક પ્રવચન આપેલ શાળાના શિક્ષક કલસિગભાઇ તથા અન્ય વિદ્યાર્થીઓએ પોતાનું વક્તવ્ય રજુ કરેલ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર દેશ ભક્તિ ગીત પર ડાન્સ નાટક માઇમ જેવી કૃતીઓ રજુ કરેલ અંતમાં શાળાના શિક્ષક સુરપાલભાઈએ આભાર વિધિ કરેલ આ મુજબ સફળતા મુજબ આ કાર્યક્રમ સંપન્ન થયેલ.

## હાલોલના દડીયાપુરા ગામે જુગાર રમતા ૬ જુગારીયા ઝડપાઈ જવા પામ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના દડીયાપુરા ગામે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી ૬ જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના દડીયાપુરા ગામે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન હર્ષદ વિક્રમભાઈ પરમાર, મનોજ કાનજીભાઈ પરમાર, મુકેશ રમેશભાઈ પરમાર, અક્ષયકુમાર રમેશકુમાર પરમાર, રણજીતસિંહ વિક્રમસિંહ પરમાર, અજય પ્રભાતભાઈ પરમારને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રૂપીયા ૩૮૪૦/-મુદ્દામાલ જપ્ત કરી હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## શહેરાના નાંદરવા ગામે જુગાર રમતા બે જુગારીયા ઝડપાયા

શહેરા,

શહેરા તાલુકાના નાદરવા ગામે ખુલ્લા મેદાનમાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પો

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના નાંદરવા ગામે મધર ફળીયા નજીક કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મનોજ કેશસિંહ બારીયા, પ્રિતેશ અરવિંદભાઈ બારીયાને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડપી અને દાવ ઉપર મુકેલ રૂ.૨,૦૧૦/-ના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના નવા ઢીંકવા ગામે ૨૧ વર્ષીય યુવાન કુવામાં પડી જતાં મોત

હાલોલ,

હાલોલ તાલુકાના નવા ઢીંકવા ગામે ૨૧ વર્ષીય યુવાન કુવા પાસે ઘાસ કાપતો હોય તે કોઈ કારણોસર કુવામાં પડી જતાં પાણીમાં ડુબી જવાથી મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના નવા ઢીંકવા ગામે રહેતા કમલેશ વજેસીંગભાઈ હરીજન ઉ.વ.૨૧ ૧૬ ઓગસ્ટના રોજ કુવા પાસે ઘાસ કાપતા હતા. જે કોઈ કારણોસર કુવામાં પડી ગયા હતા અને કુવાના પાણીમાં ડુબી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ ચંદ્રાપુરા સન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ૨૧ વર્ષીય યુવાને ઝેરી દવા પી મરણ જતાં ફરિયાદ

હાલોલ,

હાલોલ ચંદ્રાપુરા સન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક જીઆઈડીસીમાં ૨૧ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી મરણ જતાં આ બાબતે હાલોલ પોલસ મથક ફરિયાદ નોંધાવ પામી.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ ચંદ્રાપુરા સન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક જીઆઈડીસીમાં (રહે.વોર્ડ-૧૨ ઈન્દ્રનગર ધનખેત જી. ખગરીયા, બિહાર)ના ૨૧ વર્ષીય નવીનકુમાર લક્ષ્મીકાંતદાસ એ કોઈ કારણોસર ઝેરી દવા પી જતાં મરણ ગયેલ હોય આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## રાજ્યમાં નાગરિક અને બંધારણીય મુદ્દાઓ પર આંદોલન શરૂ કરવામાં આવશે : પૂર્વ મુખ્યમંત્રી

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા રાજ્યમાં સત્તારૂઢ ભાજપ સરકારની મુશ્કેલીઓમાં વધારો કરશે. ૮૭ વર્ષીય મહેતાએ રાજયમાં નાગરિક અને બંધારણીય મુદ્દાઓ પર આંદોલન શરૂ કરવાની જાહેરાત કરી છે. મહેતાએ ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું કે હવે લોકો પરિવર્તન ઈચ્છે છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા બાદ સુરેશ મહેતાએ ફરી સક્રિય થવાની જાહેરાત કરી છે. ઓકટોબર ૧૯૯૫માં ભાજપના મુખ્યમંત્રી તરીકે ૩૩૪ દિવસ રાજયમાં શાસન કરનાર મહેતા હવે રાજયમાં જનજાગૃતિ અભિયાન ચલાવશે. મહેતાએ પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે દેશ એવી પરિસ્થિતિમાં આવી ગયો છે કે દરેક ન્યાયપ્રેમી, સંવેદનશીલ, જાગૃત નાગરિક કહી રહ્યો છે. હવે બહુ થયું. દેશ પરિવર્તન ઈચ્છે છે. ગુજરાત પરિવર્તન ઈચ્છે છે. લોકશાહીના નામે સરમુખત્યારશાહી ન ચલાવવી જોઈએ અને વિકાસના નામે વિનાશ ન થાય તો ચૂપ રહેવું જોઈએ નહીં. મહેતાએ કહ્યું કે તેઓ ચૂંટણી લડવાના નથી પરંતુ પરિવર્તન માટે લોકોને જાગૃત કરશે. રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પહેલાંથી જ ભાજપ સરકારની ટીકા કરતા રહ્યા છે. હવે આ યાદીમાં સુરેશ મહેતાનું નામ ઉમેરાયું છે.

પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અમે ગુજરાતના નાગરિકો ફરી એકવાર ગુજરાતને સ્વસ્થ, સુરક્ષિત અને સમાન સમૃદ્ધ રાજ્ય બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. આ માટે લોકોને જાગૃત કરવામાં આવશે. મહેતાએ કહ્યું કે તેમણે કહ્યું કે ગુજરાતના ભવિષ્ય (બાળકો) કુપોષિત અને નબળા છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં કુપોષણની બાબતમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે છે. જે રીતે પ્રાથમિક શિક્ષણનું ધોરણ ઘટી રહ્યું છે અને સરકારી શાળાઓ પૂરતા ઓરડાઓ વિના બંધ થઈ રહી છે તેનો અર્થ એ છે કે રાજ્ય સરકાર શિક્ષણનું ખાનગીકરણ કરીને શિક્ષણની જવાબદારી પોતાના માથે લેવા માગતી નથી. તેમણે કહ્યું કે એક તરફ વિદ્યાર્થીઓ મોંઘુ શિક્ષણ મેળવીને ડિગ્રી મેળવે છે અને બીજી તરફ ભ્રષ્ટાચારના કારણે નકલી ડિગ્રી કૌભાંડ ચાલી રહ્યું છે. તેમજ બેરોજગારીના દરને કારણે રાજ્યના યુવાનો ડ્રગ્સના રસ્તે ચઢી રહ્યા છે. પરંતુ સરકાર રાજ્યમાં જપ્ત કરાયેલા ૫૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સનો નાશ કરીને તેની સિદ્ધિઓની ઉજવણી કરી રહી છે.

મહેતાએ કહ્યું કે સરકારના 'મેરા દેશ મેરી માટી' જેવા પ્રચાર અભિયાનો વધી રહ્યા છે, પરંતુ તેઓ યુવાનોને દેશમાં સ્થાયી થતા અને વિદેશ જતા રોકી શકતા નથી. રાજ્ય સરકાર વિશ્વ સ્તરીય માળખાકીય સુવિધાઓની વાતો કરે છે, પરંતુ યુવાનોને અભ્યાસ માટે વિદેશ જવાની ફરજ પડી રહી છે. આ સાથે સુરેશ મહેતાએ કહ્યું કે રાજયમાં ખેડૂતોની હાલત પણ ખરાબ છે. નર્મદાનું પાણી ગુજરાતની જીવાદોરી બનવાનું હતું, પરંતુ હવે તે રાજકીય હિતો અને તેના આર્થિક હિતોની જીવાદોરી બની ગયું છે. આ રીતે સુરેશ મહેતાએ કહ્યું કે ભ્રષ્ટાચાર, બેરોજગારી, શિક્ષણ અને ધર્મના નામે ચાલતું રાજકારણ લોકશાહીની ઈમારતને નબળું પાડી રહ્યું છે. મહેતા પાસે છે.

૮૭ વર્ષીય સુરેશ મહેતા ૨૧ ઓક્ટોબર ૧૯૯૫ના રોજ રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા. અસંતોષને રોકવા માટે ભાજપ દ્વારા કેશુભાઈના સ્થાને તેમને સીએમ બનાવવામાં આવ્યા હતા. તેઓ ૧૯ સપ્ટેમ્બર ૧૯૯૬ સુધી સીએમ હતા. આ પછી ૨૭ દિવસ માટે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું અને ત્યારબાદ શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી બન્યા હતા. મહેતા ગુજરાતના સીએમ બન્યા ત્યારે તેઓ કચ્છની માંડવી બેઠક પરથી જીતીને વિધાનસભા પહોંચ્યા હતા.

## ગુજરાતમાં હાર્ટ એટેકથી વધુ બેનાં મોતઃ વડોદરામાં વિદ્યાર્થી તો રાજકોટમાં આસિસ્ટન્ટ ટાઉન પ્લાનરનું મૃત્યુ

અમદાવાદ,

છેલ્લા ઘણા દિવસથી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં નાની ઉંમરના વ્યક્તિઓમાં હાર્ટ એટેકના બનાવો વધ્યા છે. લગ્નમાં નાચતી વખતે, ક્રિકેટ રમતી વખતે, વાહન ચલાવતી વખતે કે પછી જીમમાં કસરત કરતી વખતે હાર્ટ એટેક આવવાની સાથે જ સ્થળ પર જ મૃત્યુના કિસ્સાઓ દિવસેને દિવસે સામે આવી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં વધુ બે યુવકોના હાર્ટ એટેકથી મૃત્યુ થયા છે. જેમાં રાજકોટ મહાનગર પાલિકાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનરનું હાર્ટએટેકથી મૃત્યુ થયું છે, જ્યારે વડોદરાની સ્જી યુનિવર્સિટીના વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત થયું છે.

રાજકોટમાંથી હાર્ટએટકથી મૃત્યુનો વધુ એક બનાવ સામ આવ્યો છે. રાજકોટ મહાનગર પાલિકામાં આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર તરીકે ફરજ બજાવતા વી.વી પટેલને હાર્ટે એટેક આવતા તેઓનો હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ફરજ પર હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, મનપાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર વી.વી પટેલનીએક સપ્તાહ પહેલા જ બદલી થઈ હતી. ત્યારે હવે તેમના નિધનથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

અન્ય એક બનાવ વિશે વાત કરીએ વડોદરાની એમએસ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. મળતી માહિતી અનુસાર, MSUના સાયન્સ ફેકલ્ટીમાં ઝુઓલોજીમાં અભ્યાસ કરતો દીપ ચૌધરી નામનો વિદ્યાર્થી બોઈસ હોસ્ટેલમાં મિત્રો સાતે વાત કરતાં-કરતાં અચાનક ઢળી પડ્યો હતો. જે બાદ હોસ્ટેલમાં મિત્રો તેને સયાજી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે દીપ ચૌધરીને મૃત જાહેર કર્યો હતો અને ડોક્ટરે તેના મૃત્યુ પાછળનું કારણ હાર્ટ એટેક જણાવ્યું હતું.

આપને જણાવી દઈએ કે, થોડા દિવસ અગાઉ જ ગાંધીનગર ખાતે અભ્યાસ કરતા ૨૧ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મૃત્યુ નિપજ્યું હતું. નવસારી જિલ્લાના બીલીમોરા ખાતે આવેલા જીવન જ્યોત એપાર્ટમેન્ટમાં રહેતો આયુષ ગાંધી (ઉં.વ ૨૧) ગાંધીનગર ખાતે આઈટી ફિલ્ડમાં અભ્યાસ કરતો હતો. ગત ૯ ઓગસ્ટે ગાંધીનગર ખાતે આયુષને હાર્ટ એટેક આવ્યો હતો. હૃદય રોગનો હુમલો આવતા આયુષ ગાંધીનું દુઃખદ અવસાન થયું હતું. આ અંગેની જાણ મિત્રો દ્વારા આયુષના પરિવારને કરવામાં આવતા પરિવારમાં આઘાતમાં મુકાઈ ગયો હતો.